**આજનો સુવિચાર**

જીવનમાં ક્યારેય કોઈની સાથે તમારી તુલના ન કરો, તમે જે રીતે છો તે રીતે જ શ્રેષ્ઠ છો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૬ જૂનાગઢ તા.૨૨-૧૧-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 286, Junagadh : Date : 22 November, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ઈઝરાયેલ - હમાસ વચ્ચે ૪૭ દિવસ બાદ આખરે યુધ્ધ વિરામ



## ૯૬ કલાકનાં યુધ્ધ વિરામ અંગે સમજૂતિ : હમાસ ૫૦ બંધકોને મુકત કરશે : ઈઝરાયેલ ૧૫૦ પેલેસ્ટાઈનીઓને મુકત કરશે

તેલઅવીવ,તા.૨૨ : ઈઝરાયેલ-હમાસ યુદ્ધના ૪૭ દિવસ બાદ આખરે યુદ્ધવિરામ અંગે સમજૂતિ થઈ છે. હવે થોડા જ કલાકોમાં ગાઝામાં તોપો અને ફાઈટર જેટના અવાજો બંધ થઈ જશે. અભૂતપૂર્વ ઘટનાક્રમમાં ઈઝરાયેલી કેબિનેટે હમાસ સાથેના યુદ્ધમાં યુદ્ધવિરામને મંજૂરી આપી દીધી છે. બદલામાં, હમાસ ૫૦ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરશે. જયારે ઈઝરાયેલ ૧૫૦ પેલેસ્ટાઈનીઓને મુકત કરશે. ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ અચાનક ઈઝરાયેલ પર હુમલો કર્યો અને લગભગ ૨૪૦ બંધકોનું અપહરણ કર્યું હતું. યુધ્ધમાં અત્યાર સુધીમાં ૧૫૦૦૦ લોકોનાં મોત થયા છે.

ઈઝરાયેલ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ હમાસ આગામી ૪ દિવસમાં આ બંધકોને મુક્ત કરશે. ઈઝરાયેલ તરફથી આ હુમલો સંપૂર્ણપણે બંધ થઈ જશે. અહેવાલ મુજબ, હમાસ જે બંધકોને મુક્ત કરશે તેમાં મોટાભાગના મહિલાઓ અને બાળકો છે. તેઓને ૧૦ થી ૧૨ ના જૂથમાં છોડવામાં આવશે.તેલ અવીવ મીડિયા અનુસાર, જેઓને મુક્ત કરવામાં આવશે તેમાં ૩૦ બાળકો, ૮ માતાઓ અને ૧૨ મહિલાઓનો સમાવેશ થાય છે. ઈઝરાયેલે કહ્યું, ઈઝરાયેલ સરકાર અપહરણ કરાયેલા તમામ લોકોને ઘરે લાવવા માટે પ્રતિબદ્ધ છે. આજે રાત્રે, સરકારે આ ધ્યેય હાંસલ કરવા માટે પ્રથમ તબક્કાની રૂપરેખાને મંજૂરી આપી હતી, જે અંતર્ગત ઓછામાં ઓછા ૫૦ ઈઝરાયલીઓ, જેમાં મહિલાઓ અને બાળકો સામેલ છે, જેઓને મુક્ત કરવામાં આવશે.

ઈઝરાયેલે વધુમાં કહ્યું છે કે જો હમાસ વધુ ૧૦ બંધકોને મુક્ત કરે છે તો યુદ્ધવિરામનો સમયગાળો વધુ એક દિવસ લંબાવવામાં આવશે. હાલમાં હમાસ પાસે ૨૪૦ ઈઝરાયેલ બંધકો છે. તેનો અર્થ એ કે, જો હમાસ ૫૦ ઉપરાંત ૧૦ વધુ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરે છે, તો ઈઝરાયેલ યુદ્ધવિરામને વધુ એક દિવસ લંબાવશે.

## સગીરની માલિકીની મિલ્કતનાં વેચાણ દસ્તાવેજમાં કોર્ટની પૂર્વ મંજુરીનો નિયમ રદ કરાયો

ગાંધીનગર તા.૨૨ : રાજય સરકારનાં મહેસુલ વિભાગ દ્વારા સગીરોની માલીકીની મિલકતનાં વેચાણ દસ્તાવેજોનાં નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં કોર્ટની પૂર્વ પરવાનગીનો નિયમ રદ કરી દેવામાં આવ્યો છે.જેનાથી મોટી રાહત થઈ છે. ગુજરાતની નોંધણીસર નિરિક્ષકની કચેરી દ્વારા ગઈકાલે નવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે કે જે અંતર્ગત મિલકતનાં સગીર માલીકને વેચાણ દસ્તાવેજ પૂર્વે કોર્ટની પુર્વ મંજુરી લેવાના નિયમમાંથી મુકિત આપવામાં આવી છે.

પરિપત્રમાં જણાવાયા પ્રમાણે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં રજુ થતાં દસ્તાવેજોમાં મીલકતનાં માલીક સગીર હોય તો તેવા કિસ્સામાં અત્યાર સુધી કોર્ટની પરવાનગી માંગવામાં આવતી હતી. પરંતુ ગુજરાત હાઈકોર્ટે સગીરના હકકનું વેચાણ કરવા માટે અદાલતની પરવાનગી જરૂરી નહી હોવાનો ચુકાદો આપ્યો હતો.

## આવતીકાલથી શરૂ થઈ રહેલી લગ્નસરાની સીઝનમાં રૂા. પાંચ લાખ કરોડનો વેપાર થશે



નવી દિલ્હી,તા. ૨૨ : નવરાત્રિથી દિવાળી સુધીના તહેવારોની સિઝન દરમિયાન બજારોમાં રેકોર્ડબ્રેક વેચાણ જોવા મળ્યું હતું. તહેવારોની સિઝન બાદ હવે આવતીકાલ૨૩ નવેમ્બરથી લગ્નની સિઝન શરૂ થઈ રહી છે. બજાર ઉત્તમ કારોબારની અપેક્ષા સાથે આ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સનો અંદાજ છે કે આ સમયગાળા દરમિયાન દેશભરમાં લગભગ ૫ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થઈ શકે છે.

આ વખતે ૨૩ નવેમ્બર ૨૦૨૩થી શરૂ થનારી લગ્નની સિઝનમાં દેશભરમાં લગભગ ૩૮ લાખ લગ્ન થવાના છે, જેના દ્વારા મેઈનલાઈન રિટેલમાં લગભગ પાંચ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થવાની સંભાવના છે.

## વિશ્વમાં સૌથી સસ્તુ પેટ્રોલ ઈરાનમાં લિટરનો ભાવ માત્ર રૂા. ૨.૩૮




### ભારતમાં સૌથી સસ્તુ પેટ્રોલ પોર્ટબ્લેરમાં રૂા.૮૪.૧૦ પ્રતિલિટર જયારે દેશમાં અન્યત્ર રૂા. ૯૬

નવી દિલ્હી,તા. ૨૨ : એક વર્ષ પહેલા વેનેઝુએલામાં દુનિયાનું સૌથી સસ્તું પેટ્રોલ વેચાઈ રહ્યું હતું. અહીં એક લીટર પેટ્રોલની કિંમત માચીસની ડબ્બી કરતા પણ ઓછી હતી. આજે તેની જગ્યા ઈરાને લઈ લીધી છે. પરંતુ હવે તે બાકસના બોક્સ કરતાં ઓછી કિંમતે ઉપલબ્ધ નથી.

ઈરાનમાં પેટ્રોલનો લેટેસ્ટ રેટ ૨.૩૮ રૂપિયા પ્રતિ લીટર છે અને તે આખી દુનિયામાં સૌથી સસ્તું છે. બીજી તરફ, ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલનો ભાવ ૮૪.૧૦ રૂપિયા પ્રતિ લિટર છે, જે પોર્ટ બ્લેરમાં વેચાય છે. ભારતમાં અન્યત્ર લગભગ તમામ રાજયોમાં પેટ્રોલનો ભાવ પ્રતિલિટર રૂા.૯૬ આસપાસ છે. જોકે ભારતમાં છેલ્લા ૫૫૬ દિવસથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે.

## સમાચાર રાઉન્ડ અપ

- સુપ્રિમ કોર્ટની બેંચે બાબા રામદેવની પતંજલીને આધુનિક ચિકિત્સા માટે આપત્તિજનક ટીપ્પણીઓ સબબ ફટકાર લગાવી : પ્રત્યેક ઉત્પાદન દીઠ ૧-૧ કરોડ દંડ ફટકારવાની ચેતવણી
- અયોધ્યામાં રામમંદિરનાં ઉદ્‌ઘાટન માટે તડામાર તૈયારી : ૮૦ હજાર શ્રધ્ધાળુઓ માટે ૨૦ એકરમાં ટેન્ટ સીટીનું નિર્માણ
- ગ્રાહકો પાસેથી ફૂડ ડિલિવરી ફી લેવાનું મોંઘુ પડયું : ઝોમેટો અને સ્વિગીને રૂા. ૧૦૦૦ કરોડની નોટીસ મળી
- પ.બંગાળમાં અદાણી જૂથ પાસેથી રૂા. ૨૫ હજાર કરોડનો પ્રોજેકટ છિનવાઈ ગયો : મહુઆ મોઈત્રા ઈફેકટ



**ખોડલધામ ટુર**
સ્લીપર બસ દ્વારા
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ


**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષની હાર્દિક શુભકામના
**ડિવાઈન હોસ્પિટલ**

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
- ટીબીનું નિદાન તથા સારવાર
- ફેફસાના રોગોનું નિદાન તથા સારવાર
- શ્વસનતંત્રનાં રોગોનું નિદાન તથા સારવાર
- મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા, કોરોના, સ્વાઈન ફલુ, તાવના રોગોનું નિદાન તથા સારવાર
- ડાયાબીટીસ, બી.પી., થાઈરોઈડના રોગોની સારવાર
- હૃદયરોગોની સારવાર
- પેરાલીસીસ, તાણ, આચકી,
- મગજના રોગોની સારવાર
- આઈસીયુ વિભાગ
- પેથોલોજી લેબોરેટરી
- ડીજીટલ એક્સ-રેની સુવિધા
- મેડીકલ સ્ટોરની સુવિધા
- PFT તથા EGC ની સુવિધા

સંપર્ક કરો
૯૮૨૪૪ ૩૭૮૧૩ | ૬૩૫૯૯ ૩૭૮૧૩
ગોલ્ડન ટ્રેડ સેન્ટર, ૩જો માળ, ઝાંઝરડા ચોકડી, મહાપુજા ઓફીસ સામે, જૂનાગઢ

**ફલેટ વેચવાનો છે**
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
- બેન્કવેટ હોલ
- પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....
**ડો. સંજય કુબાવત**
હોસ્પિટલ અને આઈ.સી.સી.યુ.
એમ.ડી. (મેડીસીન)
ભૂતપૂર્વ ફીઝીશ્યન : સિવિલ હોસ્પીટલ, અમદાવાદ
સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ
હૃદયરોગ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, ફેફસા, ટી.બી., દમ, પક્ષઘાત, તાવ, વાઈ, થાઈરોઈડ, કીડની, મગજ, પેટ, તથા લોહીનાં દર્દોનાં નિષ્ણાંત
: ઉપલબ્ધ સુવિધાઓ :
- હૃદય રોગનાં દર્દી માટે આઈ.સી.યુ.ની સુવિધા
- હૃદયરોગનાં ધબકારા નિયમિત કરવા માટે ડીફીબ્રીલેટરની સુવિધા
- પલ્સ ઓકસીમીટર દ્વારા શરીરમાં ઓકિસજનનું પ્રમાણ જાણવાની સુવિધા
- શ્વાસ / દમના દર્દી માટે નેબ્યુલાઈઝર મશીનની સુવિધા
- સ્પે. રૂમ, એ.સી. રૂમ, જનરલ બોર્ડ, સેમી સ્પે. રૂમ

યશ બિલ્ડીંગ, બીજો માળ, લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી, એસ.ટી. રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૩૬૬૩૦


નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....
**GAJERA PATHOLOGY LABORATORY**
**Dr. G.K. Gajera**
Ex. Prof. & Head - C.U. Shah Medical College-5, Nagar
Ex. Associates Prof. - Govt. Medical College - Baroda
Ex. Assistant Prof. - B.J. Medical College - Ahmedabad
Ex. Lacturer in Pathology - Govt. Medical College - Surat
Vikram Commercial Complex, sardar Baug Road, Junagadh - 362001
Mo. +91 98252 21122

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આયુર્વેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ**
CNG - LPG રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
**યશ ઓટો ગેસ**
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આવતીકાલે ભકિતભાવ સાથે શુભારંભ થશે






(અનુ. પાના ૮નું ચાલુ...)

દરમ્યાન ગિરનારની લીલી પરિક્રમા શરૂ થવાના હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે તેના પુર્વે જ ગઈકાલે બપોર બાદ હજારો ભાવિકોનો માનવ સમુહ ભવનાથ ભણી જોવા મળતા ગીરી તળેટીમાં જાણે માનવ મહેરામણ ઉમટયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મોડી રાત સુધીમાં ૫૦ હજારથી વધુ ભાવિકોએ ભવનાથ વિસ્તારમાં પડાવ નાખ્યો છે. પ્રવેશ માટે ભાવિકોમાં આતુરતા છે પરંતુ તંત્ર દ્વારા નિયત સમયે અને તારીખે પરિક્રમા કરવા આવવા યાત્રિકોને અપીલ કરી છે. ગિરનારની ફરતે ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમાનું અનેરૂ મહત્વ છે અને પરિક્રમા માટે દુર દુરથી ગામડે ગામડેથી લાખોની સંખ્યામાં ભાવિક-ભકતો ઉમટી પડતા હોય છે. ત્યારે હજુ પરિક્રમા શરૂ થવાને આડે ઘણા કલાકોનો સમય બાકી છે તેમ છતાં મંગળવારે બપોર બાદ એકાએક હજારોની સંખ્યામાં યાત્રિકો ઉમટી પડયા હતા. ભવનાથ ગીરી તળેટી તરફ જતા માર્ગો ઉપર માથે પોટલા લઈને પુણ્યનું ભાથું બાંધવા પરિક્રમાર્થીનો નજારો જોવા મળી રહ્યો હતો. છેક ભરડાવવાથી લઈને ગીરી તળેટી સુધી માનવ મહેરામણ જોવા મળતું હતું. બપોર બાદ લોકોનો ધસારો પરિક્રમાના ગેઈટ ઈટવા ગેઈટ તરફ વળતા રૂપાયતન પ્રવેશ દ્વાર પાસેના ગેઈટ ખાતે પોલીસ દ્વારા બેરીકેટ મુકીને પ્રવેશ બંધ કરવાની ફરજ પડી હતી. હાલ તો અગાઉથીઆગોતરી પરિક્રમા માટે આવેલા હજારો પરિક્રમાર્થીઓ પ્રવેશ માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ગઈકાલે પ્રવેશ ન મળતા લોકોએ જયાં જગ્યા મળી ત્યાં પડાવ નાખી દીધો હતો. જયાં વિધિવત પ્રારંભ થાય છે ત્યાંથી લઈને ઈટવા ગેઈટ સુધીના માર્ગ ઉપર જંગલ વિસ્તારમાં ભાવિકોએ રાતવાસો કરવા માટે પડાવા નાખ્યા છે.

## હસનાપુર ડેમમાં ઝંપલાવી આત્મહત્યા કરનાર યુવતીની માતાએ પોતાની દિકરીને મરવા મજબુર કરવા અંગે બે યુવાનો સામે ફરીયાદ નોંધાવી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ તાલુકાના હસનાપુર ડેમમાં પાણીમાં પડી મૃત્યું પામનાર યુવતીના માતાએ પોતાની દિકરીને મરવા મજબુર કરવા અંગે બે યુવાનો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર, ગત તા.૫-૧૧-૨૦૨૨ પહેલા કોઈપણ સમયે હસનાપુર ડેમ વિસ્તારમાં બનેલા બનાવ અંગે ગઈકાલે ૨૧-૧૧-૨૦૨૩ કલાક ૨૧ના મિતલબેન હિતેષભાઈ મહેતા(ઉ.વ.૪૫) રહે.કિષ્નાપાર્ક સોસાયટી, બ્લોક નં-૯૩, શેરી નં-૫, ઝાંઝરડા રોડ, જૂનાગઢ વાળાએ સુજલ પ્રતાપભાઈ મારૂ રહે.વેરાવળ તથા સૌરવ મોડાસીયા રહે.ઉપલેટા તથા તપાસમાં ખુલે તે સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી મિતલબેન મહેતાની મૃત્યું પામેલ દિકરી જાન્વીને આ કામના આરોપી સુજલ મારૂએ પ્રેમજાળમાં ફસાવી તેમજ આરોપી નં-૨ સૌરવ મોડાસીયાએ જાન્વી સાથે બનાવટી ભાઈ-બહેનના સંબંધ બાંધી તેમજ જાન્વી તથા આરોપી નં-૧ સુજલના સંબંધની કોલેજમાં બધાને જાણ કરી અને આરોપી નં-૨ પાસે મૃત્યું પામનાર જાન્વીના વ્હોટસેએપ ચેટ હોય તો આમ આરોપી નં-૧ તથા ૨ એ જાન્વીને ચારીત્ર બાબતે બ્લેકમેઈલ કરી તેમજ આરોપી નં-૧એ જાન્વી સાથે પ્રેમ સંબંધ બાંધી અને અન્ય જગ્યાએ સગાઈ કરી આમ બંને આરોપીઓએ મૃત્યું પામનાર જાન્વીને માનસિક-શારીરીક ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી મરવા મજબુર કરતા જાન્વીએ આરોપીઓનાં ત્રાસથી કંટાળી જઈ હસનાપુર ડેમમાં પાણીમાં ઝંપલાવી મૃત્યું પામેલ હોય આમ બંને આરોપીઓએ જાન્વીને મરવા મજબુર કરવા અંગે એકબીજાને મદદગારી કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૨૩, ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરેલ છે.

આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.ડી. દેસાઈ ચલાવી રહ્યા છે.

## જૂનાગઢ : ઋષિરાજ આશ્રમ ખાતે પરિક્રમાર્થીઓ માટે અન્નક્ષેત્રનો પ્રારંભ




જૂનાગઢ તા.૨૨

જૂનાગઢના ભરડાવાવ પાસે આવેલ ઋષિરાજ આશ્રમ ગૌશાળા આશ્રમ ખાતે મહંત પુ.બલરામદાસબાપુ અને તેમના શિષ્ય પુ.મહેશ્વરીદેવીજી દ્વારા પરિક્રમાનો વિધીવત પ્રારંભ થાય તે પહેલા જ ગઈકાલે બે દિવસ અગાઉ અન્નક્ષેત્ર શરૂ કરાયું છે. આ અન્નક્ષેત્રમાં ૧૨૫ જેટલા શુધ્ધ સિંગતેલ અને ૫૦થી વધુ ચણાના લોટના કટામાંથી ૩૫૦ કિલો ચંપાકલી ગાંઠીયા અને ૬૫૦ કિલો ગુંદી બનાવવામાં આવેલ છે. આ અન્નક્ષેત્રમાં ૨૫થી વધુ સ્વયંસેવકો દ્વારા ગુંદી-ગાંઠીયા ઉપરાંત બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, રોટલી, કઢી, ખીચડી, પાપડ વગેરે ભાવપુર્વક પીરસવામાં આવે છે. પુ.બલરામદાસબાપુ તથા પુ.મહેશ્વરીદેવીજી દ્વારા છેલ્લા દશ વર્ષથી મહાશિવરાત્રી અને પરિક્રમા દરમ્યાન અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવે છે. જેમાં હજારો શ્રધ્ધાળુઓ ભાવપુર્વક ભોજન પ્રસાદ લે છે. ચાલુ વર્ષે પણ પરિક્રમાના બે દિવસ અગાઉ અન્નક્ષેત્ર શરૂ કરી દેવાયું છે અને ગિરનાર ક્ષેત્રની અંદર સૌથી પહેલું અન્નક્ષેત્ર આ આશ્રમ દ્વારા શરૂ કરાય છે અને સૌથી છેલ્લે બંધ થાય છે. આ આશ્રમ દ્વારા સંચાલીત ગૌશાળામાં ૧૫થી વધુ ગીર ગાયો નિભાવવામાં આવે છે જેનું દુધ તથા છાસ પણ આ અન્નક્ષેત્રમાં પિરસવામાં આવે છે. ઉપરાંત આ આશ્રમ દ્વારા મહિનામાં ત્રણ વખત બટુક ભોજન સહિતની સેવાઓ કરવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃતિમાં સહભાગી થવા ઈચ્છતા દાતાઓએ મો.નં. ૭૬૨૩૯ ૦૬૫૨૮ ઉપર સંપર્ક સાધવા અપીલ કરાઈ છે.

## જૂનાગઢમાં વેપારીના ખીસ્સામાંથી ત્રણેક હજાર સેરવી લઈ લુંટ કર્યાની અજાણ્યા શખ્સ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢના પંચહાટડી ચોકમાં ૩૦ ઓકટોબરની સમી સાંજે પાન બીડીની દુકાને માવો બનાવવાનું કહી અજાણ્યા ઈસમે ૩૦૦૦ની રોકડ સાથેના પાકીટની લુંટ ચલાવી હતી. લુંટનો ભોગ બનેલા વૃધ્ધ વેપારી અપરિણીત હોવાથી ડર લાગતા તેમણે બનાવ અંગે ૨૧ દિવસ મોડી ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગતો એવી છે કે, શહેરમાં પંચહાટડી ચોક પાસે પાન બીડી અને મોબાઈલ એસેસરીઝની દુકાન ધરાવતા રાજેન્દ્રભાઈ અમૃતભાઈ વિઠ્ઠલાણી(ઉ.વ.૬૩) ગત તા.૩૦ ઓકટોબરના રોજ સાંજના ૫:૩૦ના અરસામાં તેમની દુકાને હતા ત્યારે કાળા કલરની બાઈક ઉપર કાળા કલરનું જીન્સનું પેન્ટ અને કાળા કલરનો સયેદ ચેકસ ડિઝાઈન વાળો શર્ટ પહેરેલ ૩૦ વર્ષની વયનો એક અજાણ્યો ઈસમ આવેલ અને માવો બનાવવાનું કહી માવામાં બાબુ પાર્સલ નાખજો તેમ કહેતા રાજેન્દ્રભાઈ વિઠ્ઠલાણી કબાટમાં રાખેલ બાબુ પાર્સલ લેવા ઉભા થયા ત્યારે આ શખ્સ વેપારીના પેન્ટના પાછળના ખિસ્સામાંથી રૂપિયા ૩૦૦૦ની રોકડ સાથેના પાકીટની લુંટ ચલાવીને નાસી ગયો હતો. વેપારી રાજેન્દ્રભાઈ અપરિણીત હોય અને એકલા રહેતા હોવાથી ડર લાગતા જે તે વખતે તેમણે પોલીસ ફરિયાદ કરેલ નહી પરંતુ મોટાભાઈ અને અન્ય વેપારીઓએ હિંમત આપતા બનાવના ૨૧ દિવસ બાદ એટલે કે ૨૧ નવેમ્બર મંગળવારે બપોરે ફરિયાદ કરતા એ ડીવીઝન પોલીસે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ લુંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભૂતનાથ મહાદેવ મંદિરે ચાલતી ભાગવત કથાના કથાકારનું સન્માન સંહિતા મહિલા મંડળ દ્વારા કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢના સુપ્રસિદ્ધ ભુતનાથ મહાદેવ મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન ભુતનાથ મહિલા અન્નક્ષેત્ર મંડળ જૂનાગઢ દ્વારા કરેલ છે જે કાર્ય ભુતનાથ મંદિરના મહંત મહેશગીરીજીના આશીર્વાદથી થયેલું છે જેમાં ભાગવત પ્રવક્તા પ્રસિદ્ધ મનોજભાઈ ભટ્ટ ચેતન્યધામ શાપુર વાળા સંગીતમય શૈલીમાં રસપાન કરાવી રહ્યા છે. તેમનું સાલ ઓઢાડી સન્માન સંહિતા મહિલા મંડળના ચેરમેન ચેતનાબેન પંડ્યા, કોર્પોરેટર આરતીબેન જોશી તેમજ હીનાબેન મારૂ વગેરે બેહનોએ કરેલ. આ ભાગવત સપ્તાહનું રસપાન કરવા જૂનાગઢની ધર્મ પ્રેમી જનતાને ભુતનાથ મહિલા અન્નક્ષેત્ર મંડળના સંચાલક મધુબેન પટેલ તેમજ હંસાબેન મીઠયા અને સમગ્ર મંડળની બહેનો દ્વારા ભાવભીનું નિમંત્રણ છે.

## ગિરનારની લીલી પરિક્રમામાં આવનારા ભાવિકોને પ્રકૃતિનું જતન કરી, પૂજન કરીએ અને આર્શીવાદ મેળવીએ તેવી પૂજય મહેશગીરી બાપુ દ્વારા અપીલ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

ગરવા ગિરનારની લીલી પરિક્રમા આવતીકાલે દેવ દિવાળીના પર્વથી શરૂ થઈ રહી છે ત્યારે આ પરિક્રમામાં આવનારા ભાવિકો, શ્રધ્ધાળુઓને ગિરનારજી મહારાજના પૂજન સાથે પ્રકૃતિની જાળવણી અને પૂજન કરી આર્શીવાદ મેળવવાની અપીલ ગુરૂદત્તાત્રેય સંસ્થાન અને ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત પૂજય મહેશગીરી બાપુએ કરી છે.

આવતીકાલે દેવ દિવાળીના પર્વથી એટલે કે ગુરૂવાર અને તા.૨૩-૧૧-૨૦૨૩ના રોજ ગિરનારની લીલી પરિક્રમાનો ભકિતભાવ પુર્વક પ્રારંભ થનાર છે. આ વર્ષે અંદાજીત ૧૫ લાખ કરતા પણ વધારે ભાવિકો આ પરિક્રમામાં સામેલ થવાના છે ત્યારે ગુરૂદત્તાત્રેય સંસ્થાનના અને ભૂતનાથ મંદિરના મહંત પૂજય મહેશગીરી બાપુએ ભાવિકોને અપીલ કરતા જણાવ્યું છે કે, ગરવા ગિરનાર ખાતે અંબાજી માતાજીના બેસણા છે. ભવનાથ મહાદેવ, ગોરક્ષનાથ અને ભગવાન દત્તાત્રેયના ધાર્મિક સ્થળો આવેલા છે. ગિરનારની પરિક્રમા માટે લાખો શ્રધ્ધાળુઓ ઉમટી રહ્યા છે અને સેવાનું ભાથું બાંધી રહ્યા છે. ગિરનાર ક્ષેત્ર એટલે ૩૩ કરોડ દેવતા, નવ નાથ અને સતી, જતી અને જોગણીયોના બેસણા છે તેવા આ સિધ્ધ ક્ષેત્રમાં પધારેલા ભાવિકોનું હાર્દિક સ્વાગત છે.

સિધ્ધોની આ ભૂમિ ઉપર દેવાતાનું પૂજન કરવામાં આવે છે તેમ આપણે સૌ પ્રકૃતિનું પણ પૂજન કરીએ, તેનું જતન કરીએ અને તેના આર્શિવાદ પણ મેળવીએ. અહી આવનારા ભાવિકો દ્વારા પ્રકૃતિને નુકસાન થાય તેવું ન કરવું જોઈએ. ખાસ કરીને આગ લાગે તેવા પગલા ન ભરવા જોઈએ.

પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવો જોઈએ. વન્યપ્રાણીઓને રંજાડ ન થાય તે માટેનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ. સેવા માટે અન્નક્ષેત્ર જયારે શરૂ થયા છે ત્યારે કોઈપણ જાતના કચરો ન થાય તેની પણ કાળજી રાખવી જોઈએ અને દેવ દિવાળીના આ પર્વને આનંદપુર્વક, ભકિતભાવ પુર્વક અને ક્ષમતા પુર્વક અને પ્રકૃતિના જતન સાથે મનાવવામાં આવે તેવી ભાવપુર્વક અપીલ મહેશગીરી બાપુએ કરી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમરેલીની વિકાસયાત્રાને આગળ ધપાવતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થશે

(પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૨૨

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે તા.૨૨ નવેમ્બરની સંધ્યાએ અમરેલીની મુલાકાતે પધારી રહ્યા છે. મુખ્યમંત્રી અમરેલીમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને તેમની ગરિમામય ઉપસ્થિતિમાં અમરેલીની વિકાસયાત્રાને આગળ ધપાવતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થવાનું છે. મુખ્યમંત્રી અમરેલી સ્થિત ત્રિમંદીર ખાતે યોજાનાર સમારોહમાં પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રીના આગમન પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમરેલીના ત્રિમંદિર પાસેથી પસાર થતાં અમરેલી-લીલીયા-ક્રાંકચ સુધીના ૭ કિલોમીટર રોડને ફોર લેન એટલે કે ચાર માર્ગીય બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૨૫ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

આ નવો રસ્તો બનવાથી લાલાવદર ખાતે ભવિષ્યમાં નિર્માણ પામનાર જિલ્લા રમત ગમત સંકુલ તેમજ લીલીયા, ગારિયાધાર, પાલિતાણા વગેરે તાલુકાઓ ખાતે લોકોને અવર જવર માટે મદદ મળશે, ઉપરાંત એક સ્થળેથી અન્ય સ્થળે પહોંચવા માટેની રસ્તાની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે તેમજ સમયની પણ બચત થશે. મુખ્યમંત્રીની ગરિમામય ઉપસ્થિતિમાં આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત થવાનું છે.

## સુરત ડાયમંડ બુર્સમાં વ્યવસાયિક કામકાજના શ્રીગણેશ કરાયા

સુરત, તા.૨૨

સુરત ડાયમંડ બુર્સ માં આજથી અનેક ઓફિસોની થઈ શરૂઆત થઈ છે. મુંબઈના અનેક વેપારીઓ અને કંપનીઓ સુરતમાં પોતાની ઓફિસ શરૂ કરી છે. આજથી વિધિવત રીતે સુરત ડાયમંડ બુસમાં અનેક વેપારીઓ શિફ્ટ થયા છે.

આગામી દિવસોમાં કાર્યરત ઓફિસોની સંખ્યામાં વધારો થશે. અમુક ઓફિસોમાં ફર્નિચર કામ ચાલુ હોવાથી આવનારા ૧૫ થી ૨૦ દિવસમાં શિફ્ટિંગ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં બનેલી દુનિયાની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગની અંદરનો નજારો પણ તેની વ્યાખા જેવો ભવ્ય છે. આ ઈમારત બહારથી એટલી જ સુંદર છે જેટલી અંદરથી છે.

આ વિશાળ આ ઈમારત કુલ ૬૭ લાખ ચોરસ ફૂટમાં બનાવવામાં આવી છે.

## ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની યોજનાઓ મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત ૧૦૦ ટકા પેનલ્ટી માફી તા. ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી મળી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની યોજનાઓમાં મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના અન્વયે તા.૩૧ માર્ચ ૨૦૨૪ સુધી ૧૦૦ ટકા પેનલ્ટી માફી આપવાનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. વધુમાં વધુ લાભાર્થીઓ લાભ મેળવી શકે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવીને બાકી હપ્તાની રકમ ભરપાઈ કર્યેથી ૧૦૦ ટકા પેનલ્ટી માફી યોજના "મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના" તા. ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના સમય માટે જાહેર કરી છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જુની યોજનાઓમાં બાકી રહેતા લાભાર્થીઓના પરિવારજનોને પણ લાભ મળી શકશે. એટલું જ નહિ, સમય-મર્યાદામાં હપ્તા ભરપાઈ ન કરી શકનારા લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઈને લીધે બાકી પેનલ્ટીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો અભૂતપૂર્વ નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડને બાકી હપ્તાની વસુલાત થશે અને નવા આવાસોના આયોજન માટે આર્થિક વેગ મળશે. આ ઉપરાંત મકાન ધારકોને પેનલ્ટી માફી મળતાં હપ્તા પેટેની રકમ તેઓ ભરીને પોતાનો માલિકી દસ્તાવેજ કરાવી શકશે. આના પરિણામે હાઉસીંગ બોર્ડના જૂના મકાનોનુંરિ-ડેવલપમેન્ટ પણ હાથ ધરી શકાશે.

## ગોધરામાં ફૂડ વિભાગના દરોડા, નશીલા પદાર્થવાળી ચા વેચાતી હોવાની ફરિયાદ

પંચમહાલ, તા. ૨૧ : પંચમહાલમાં ફૂડ વિભાગે દરોડા પાડ્યા હતા. ગોધરાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ મહાકાળી ટી સેન્ટર પર પ્રાંત અધિકારી તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હાથ તપાસ ધરાઇ હતી. મહાકાળી ટી સેન્ટર દ્વારા આપવામાં આવતી ચામાં નશીલા પદાર્થો ઉમેરવામાં આવતી હોવાની ફરિયાદના આધારે તપાસ હાથ ધરાઇ હતી.પ્રાંત અધિકારી, ફૂડ એન્ડ ડ્રગ્સ અને એફ.એસ.એલની ટીમો દ્વારા ચાના નમુના મેળવી તપાસ હાથ ધરવામાં આવી છે. મહાકાળી ટી સેન્ટર દ્વારા નશીલા પદાર્થવાળી ચા આપવામાં આવતીહોવાની ફરિયાદ બાદ પ્રાંત અધિકારી અને ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

**CHANGE OF NAME**

I the undersigned have changed my name from GHAMERIYA ABAZAL ISMAIL to GHAMERIYA ABZAL ISMAILBHAI. Now I would be known as GHAMERIYA ABZAL ISMAILBHAI

GHAMERIYA ABZAL ISMAILBHAI
Mangrol, Junagadh, Gujarat.

**CHANGE OF NAME**

I, the undersigned, have changed my name from MARIYAM KASAM BERA to MARIYAM AMADBHAI BERA. Now I would be known as MARIYAM AMADBHAI BERA.

MARIYAM AMADBHAI BERA
Mangrol, Junagadh, gujarat

**CHANGE OF NAME**

I the undersigned have changed my name from HURBANU AHMAD BERA to HURBANU ABZAL GHAMERIYA. Now I would be known as HURBANU ABZAL GHAMERIYA

HURBANU ABZAL GHAMERIYA
Mangrol, Junagadh, Gujarat.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# દેશની સુરક્ષા માટે ખતરો બનતા ઘુસણખોરો

ભારતમાં બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની ઘૂસણખોરીનો સિલસિલો કઈ રીતે ચાલી રહ્યો છે, તેની ખબર ગત દિવસોમાં એનઆઈએ દ્વારા ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કરવામાં આવેલ છાપામારી અને ૪૦થી વધુ એ દલાલોની ધરપકડથી થાય છે, જે માનવ તસ્કરીમાં સંડોવાયેલા હતા. આ દલાલ બાંગ્લાદેશીઓ સાથે રોહિંગ્યાઓને દેશના વિભિન્ન હિસ્સામાં લાવતા હતા. આ દલાલોનું નેટવર્ક કઈ રીતે આખા દેશમાં ફેલાયેલું છે, તેનું પ્રમાણ એના પરથી મળ્યું કે એનઆઈએએ ત્રિપુરા, અસમ, બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગણા, હરિયાણા, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર અને પુડુચેરીમાં કુલ ૫૫ સ્થળો પર છાપામારી કરી. આ છાપામારી દરમ્યાન એનઆઈએને ઘૂસણખોરી કરાવનાર પાસેથી આધાર અને પાનકાર્ડ સહિત મોટી સંખ્યામાં ઓળખ સંબંધી અન્ય દસ્તાવેજો પણ મળ્યા. આ તમામ બનાવટી હોવાની શંકા છે. દેશમાં બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી કરાવનારા લોકોની પહોંચનું અનુમાન એના પરથી લગાવી શકાય છે કે તેઓ તેમને રાજસ્થાનથી લઈને જમ્મુ-કાશ્મીર અને દક્ષિણ ભારત સુધી મોકલવા અને વસાવવામાં સફળ રહ્યા છે. એ સામાન્ય વાત નથી કે બાંગ્લાદેશી અને રોહિંગ્યા બંગાળ, અસમ વગેરેથી ભારતમાં ઘૂસે છે અને પછી જમ્મુ-કાશ્મીર અને તમિલનાડુ સુધી પહોંચી જાય છે. તેઓ અસલી-નકલી ઓળખપત્રો પણ હાંસલ કરી લે છે.

એક સમય હતો જ્યારે બાંગ્લાદેશી ઘૂસણખોરો માત્ર બંગાળ, અસમ, ત્રિપુરા વગેરેમાં જ ઠેકાણાં બનાવતા હતા, પછી તે બિહાર, ઝારખંડમાં જઈને વસવા લાગ્યા. હવે તો સમસ્ત ભારત તેમના માટે સુરિક્ષત ઠેકાણું બની ગયું છે. જે સ્થિતિ કાલ સુધી બાંગ્લાદેશી ઘૂસણખોરોની હતી, તે જ હવે રોહિંગ્યાઓની પણ છે. જો બાંગ્લાદેશી અને રોહિંગ્યા બંગાળ, અસમમાં ઘૂસણખોરી કરીને જમ્મુ, ચેન્નઈ, બેંગલુરુ, હૈદરાબાદ સુધી પહોંચી જાય છે તો તેનો અર્થ છે કે તેમને ભારત લાવવા અને ત્યાંના નાગરિકો રૂપે વસાવવાનું કોઈ ઊંડું ષડયંત્ર ચાલી રહ્યું છે. આ ષડયંત્રના દુષ્પરિણામ હોઈ શકે છે, આ એનાથી સમજી શકાય છે કે બંગાળ અને અસમના અનેક વિસ્તારોમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો ભારતીય નાગરિક બનીને અને મતદાર ઓળખ પત્ર હાંસલ કરીને ચૂંટણીઓમાં હાર-જીતનું નિર્ધારણ કરવા લાગ્યા છે. જોકે તેઓ વોટબેંક બની ગયા છે તેથી તેમની વકીલાત કરનારા રાજકીય પક્ષો પણ સક્રિય થઈ ગયા છે. બંગાળમાં તેઓ તૃણમૂલ કોંગ્રેસની વોટબેંક છે તો અસમમાં ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રંટની. જેમ બંગાળમાં મમતા બેનર્જી બાંગ્લાદેશી ઘૂસણખોરોની તરફદારી કરે છે, એવી જ રીતે અસમમાં બદરુદ્દીન અજમલ, જે ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રંટના પ્રમુખ છે. રોહિંગ્યા અને બાંગ્લાદેશી ઘૂસણખોરો અસમને એક કોરિડોર તરીકે ઉપયોગ કરે છે.

શરણાર્થીઓ અને ઘૂસણખોરોમાં અંતર કરવું જોઈએ. સામાન્ય રીતે શરણાર્થીઓને ઓળખપત્ર આપવામાં આવે છે. આ પરિચય પત્ર શરણાર્થીઓ માટે કામ કરનારી સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુએનએચઆરસી દ્વારા જારી કરવામાં આવે છે. જ્યાં શરણાર્થી પોતાનો જીવ બચાવવાના ઉદ્દેશ્યથી કોઈ દેશમાં કાયદે-ગેરકાયદે રૂપે પ્રવેશ કરે છે, ત્યાં જ ઘૂસણખોરો કોઈ ષડયંત્ર અંતર્ગત કોઈ દેશમાં પ્રવેશ કરે છે અને તેઓ એ દેશની સુરક્ષા માટે ખતરો પેદા કરવાનું કામ કરે છે. કેટલાય બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો અપરાધ અને આતંકી ઘટનાઓમાં સંડોવાયેલા જોવા મળ્યા છે. હરિયાણાના નૂંહમાં થયેલ સાંપ્રદાયિક હિંસામાં રોહિંગ્યા ઘૂસણખોરોનો હાથ જોવા મળ્યો હતો. એવી આશંકા પણ છે કે દિલ્હીમાં થયેલ રમખાણોમાં પણ તેમની ભૂમિકા હતી. જેમ તેની કોઈ સચોટ જાણકારી નથી કે ભારતમાં કેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરો છે, એવી જ રીતે એની પણ નથી કે રોહિંગ્યા કેટલા છે? જ્યાં બાંગ્લાદેશી ઘૂસણખોરોની સંખ્યા કરોડોમાં માનવામાં આવે છે, ત્યાં જ રોહિંગ્યા ઘૂસણખોરોની અનુમાનિત સંખ્યા ૪૦-૫૦ હજાર જેટલી ગણાવવામાં આવે છે. ગેરકાયદે રીતે ભારત આવીને વિભિન્ન વિસ્તારોમાં વસેલા બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને કાઢવાની કોઈ પણ પહેલ યોગ્ય રીતે આગળ નથી વધી શકી. મ્યાંમારની હાલત એવી છે કે ત્યાંથી સીધા કે પછી બાંગ્લાદેશના રસ્તે આવેલા રોહિંગ્યા ઘૂસણખોરોને પાછા મોકલવા મુશ્કેલ છે.થોડા દિવસો પહેલાં જ મ્યાંમારથી સેંકડો ચિન આદિવાસી સમૂહના લોકો ત્યાંથી જીવ બચાવીને મિઝોરમ આવ્યા છે. મણિપુરમાં પણ મ્યાંમારથી આવેલા ચિન અને કુકી લોકોની મોટી સંખ્યા ઘૂસણખોરી કરીને આવી છે. મણિપુર ભીષણ હિંસાની ઝપટમાં આવવાનું એક કારણ મ્યાંમારથી આવેલા ઘૂસણખોરો પણ છે.

શરણાર્થી હોય કે ઘૂસણખોરો, તેમને તેમના દેશ પાછા મોકલવા આસાન નથી હોતું. ભારત સરકારે જ્યારે પણ બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને પાછા મોકલવાની પહેલ કરી, તે આગળ જ ન વધી શકી. આ સ્થિતિઓમાં એ જરૂરી થઈ જાય છે કે તેમને દેશમાં આવવા જ ન દેવામાં આવે. હાલમાં સરહદો પર એવી વ્યવસ્થા નથી કે ઘૂસણખોરો દેશમાં ઘૂસવા જ ન પામે. બાંગ્લાદેશી અથવા રોહિંગ્યા ઘૂસણખોરોને પાછા મોકલવાની માંગ ઊઠતાં જ યુરોપ અને અમેરિકાના માનવાધિકાર સંગઠનો બૂમરાણ મચાવે છે. ભારત સરકારે જ્યારે નાગરિકતા કાયદામાં સંશોધન કરીને એ નક્કી કર્યું હતું કે તે અંતર્ગત પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના સતાવેલા અલ્પસંખ્યકોને શરણ અને નાગરિકતા આપવામાં આવશે, તો દેશના કેટલાક રાજકીય પક્ષો સાથે અમેરિકા અને યુરોપે મોદી સરકારને ઉપદેશ આપવાનું શરૂ કરી દીધું હતું. આજે આ જ યૂરોપીય દેશો એ ચિંતા કરી રહ્યા છે કે શરણાર્થીઓને આવતાં કેવી રીતે રોકવામાં આવે અને અનિચ્છનીય ગતિવિધિઓમાં લિપ્ત આ શરણાર્થીઓને કઈ રીતે પાછા મોકલવામાં આવે. તેમની આંખો એટલા માટે ખૂલી, કારણ કે પેલેસ્ટાઈનની આડમાં હમાસનું સમર્થન કરનારા શરણાર્થીઓ તેમને ત્યાં ઉપદ્રવ મચાવી રહ્યા છે.

### મોહનથાળના પ્રસાદને લઈ સમાચાર સામે આવ્યા

# મોહનથાળનો પ્રસાદ બનાવવાનો કોન્ટ્રાક્ટ વિવાદમાં રહેલી એજન્સીને ફરીથી સોંપાયો



બનાસકાંઠા,તા.૨૨

પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરના મોહનથાળના પ્રસાદને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. મોહિની કેટરર્સ વિવાદમાં આવ્યા બાદ તેનુ ટેન્ડર રિન્યુ કરવામાં આવ્યુ નહોતુ. પરંતુ હવે ફરી એક વાર ટચ સ્ટોન ફાઉન્ડેશનને પ્રસાદ બનાવવાનો કોન્ટ્રેક્ટ મળ્યો છે. અગાઉ ટચ સ્ટોન ફાઉન્ડેશન વિવાદમાં રહ્યુ હતુ અને હવે ફરીથી તે મોહનથાળનો પ્રસાદ બનાવશે.પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના મોહનથાળના પ્રસાદને લઈ ભાદરવી પૂર્ણિમાના સમયે વિવાદ સર્જાયો હતો. કરોડો લોકોની શ્રદ્ધા સાથે જોડાયેલ અંબાજી મંદિરના પ્રસાદમાં શુદ્ધ ઘીના બદલે ભેળસેળ વાળુ ઘી ઉપયોગમાં લેવાને લઈ વિવાદ સર્જાયો હતો. લાખો લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવા રુપ પ્રસાદને ભેળસળ ધરાવતા ઘીથી તૈયાર કરવાને લઈ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે હવે વિવાદીત મોહિની કેટરર્સનુ ટેન્ડર રદ કરવામાં આવ્યા બાદ હવે ટચ સ્ટોન ફાઉન્ડેશનને પ્રસાદ તૈયાર કરવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. ટચ સ્ટોન ફાઉન્ડેશન પણ વિવાદમાં રહ્યુ હતુ. હવે તેને ફરીથી મોહનથાળનો પ્રસાદ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

# ભારતની અર્થવ્યવસ્થા પ્રથમ વખત ૪ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું

નવીદિલ્હી,તા.૨૨

ભારતની અર્થવ્યવસ્થા પ્રથમ વખત ૪ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે. આ સાથે ભારત હવે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ખૂબ નજીક પહોંચી ગયું છે. ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં પણ આ એક ખૂબ જ મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. જીડીપી લાઈવ ડેટા અનુસાર ભારતે ૧૮મી નવેમ્બરે મોડી રાત્રે આ સીમાચિહ્ન હાંસલ કર્યું હતું. ૧૮ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, લગભગ ૧૦:૩૦ વાગ્યે, ભારતના જીડીપીનું કદ પ્રથમ વખત ૪ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું. હવે આ સાથે ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ખૂબ નજીક પહોંચી ગયું છે. ચોથા ક્રમના જર્મની અને ભારતની જીડીપી વચ્ચેનો તફાવત હવે ઘણો ઓછો છે.. અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. અમેરિકાની જીડીપી ૨૫.૫ ટ્રિલિયન ડોલર છે. ચીન ૧૮ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે બીજા સ્થાને છે. જ્યારે જાપાનનું અર્થતંત્ર ૪.૨ ટ્રિલિયન ડોલર અને જર્મનીનું અર્થતંત્ર ૪ ટ્રિલિયન ડોલર છે. દરમિયાન, **S&P** ગ્લોબલ માર્કેટ્સ સિવાય, અન્ય કેટલીક વૈશ્વિક સંસ્થાઓએ પણ સમાન દાવા કર્યા છે. ભારતની ૨૦૩૦ સુધીમાં વધીને **$7.3** ટ્રિલિયન થઈ જશે. ૨૦૩૦ સુધીમાં ભારત માત્ર જાપાન જ નહીં પરંતુ જર્મનીથી પણ આગળ નીકળી જશે. ભારતની વર્તમાન જીડીપી ૨૦૨૨માં **$4** ટ્રિલિયન છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને **$7.3** ટ્રિલિયન થઈ જશે. રિપોર્ટમાં ભારતીય અર્થવ્યવસ્થામાં તેજીનું કારણ સ્થાનિક માંગમાં વધારો થયો છે.. શું છે જીડીપી?.. જીડીપી એટલે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ. તે આપેલ સમયગાળા દરમિયાન દેશમાં ઉત્પાદિત તમામ અંતિમ માલ અને સેવાઓનું કુલ આર્થિક મૂલ્ય છે. સામાન્ય રીતે દેશના જીડીપીની ગણતરી કરવા માટે એક વર્ષનો સમયગાળો વપરાય છે. જીડીપી એ દેશના આર્થિક સ્વાસ્થ્યનું વ્યાપક સ્કોરકાર્ડ છે. જીડીપી એ દેશના વિકાસ અને આર્થિક પ્રગતિની ઓળખ સ્વરૂપે માનવમાં આવે છે. જીડીપી વૃદ્ધિ દર એ દેશના આર્થિક પ્રદર્શનનું એક મહત્વપૂર્ણ સૂચક છે. **GDP** ની ગણતરી દેશની રાષ્ટ્રીય આંકડાકીય એજન્સી દ્વારા કરવામાં આવે છે, સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુસરીને. ખર્ચ, આઉટપુટ અથવા આવકનો ઉપયોગ કરીને જીડીપીની ગણતરી ત્રણ અલગ અલગ રીતે કરવામાં આવે છે.

### વિદ્યા સહાયકોનું આંદોલન ગાંધીનગર પહોંચ્યુ

# શિક્ષકોની કાયમી ભરતી કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર એકઠા થયા

## ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર,તા.૨૨

વધુ એક આંદોલન ગાઁધીનગરના દ્વાર સુધી પહોંચ્યું છે. શિક્ષકોની કાયમી ભરતી કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર એકઠા થયા હતા. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો છે. પરંતું વિરોધ પ્રદર્શિત કરે તે પહેલા જ પોલીસે અટકાયત કરી હતી. પોલીસ અને ઉમેદવારો વચ્ચે ઘર્ષણ સર્જાતા પોલીસે ટીંગાટોળી કરી ઉમેદવારોની અટકાયત કરી હતી. આ સમયે કેટલીક મહિલા ઉમેદવારો રડી પડી હતી.

જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતી રદ કરી કાયમી ભરતીની માંગણી સાથે ઉમેદવારોનું આંદોલન ચાલી રહ્યું છે. આ માટે આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની બહાર ઉમેદવારો ભેગા થયા હતા. જ્યાં સુધી કાયમી શિક્ષકની માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી ટેટ ટાટ પાસ ઉમેદવારો દ્વારા આંદોલન ઉગ્ર કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી. ટેટ પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં ફરી એક વખત જ્ઞાન સહાયક ભરતીનો વિરોધ નોંધાવ્યો.

વિદ્યા સહાયક સામેનો રોષ સતત ઉમેદવારોમાં વધી રહ્યો છે. જ્ઞાન સહાયક ભરતી રદ કરી કાયમી ભરતી કરવાની માંગણી સાથે ટેટ પાસ ઉમેદવારોએ ઉગ્ર વિરોધ દર્શાવ્યો. માધ્યમિક શિક્ષણ બોર્ડ કચેરી પાસે ટેટ પાસ ઉમેદવારો એકઠા થયા હતા. ત્યારે ગાંધીનગરમાં જ્ઞાન સહાયક ભારતી સામે વિરોધ પ્રદર્શન કરતા જ ઉમદેવારોની ટીંગાટોળી કરીને અટકાયત કરાઈ હતી.

ઉમેદવારોએ જણાવ્યું કે, પોલીસ ગમે તેટલી વાર અટકાયત કરશે. પણ અમારું આંદોલન ચાલુ જ રહેશે. કરાર આધારિત નહીં પણ કાયમી શિક્ષકોની ભરતી કરો. ટેટ પાસ ઉમેદવારોની માગણી છે કે કરાર આધારિત નહિ પણ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવે.

એપ્રિલ ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો ઠરાવ ન થતા આજે ગાંધીનગરમાં બેઠકનું આયોજન કરાયુ હતું. આગામી રણનીતિ નક્કી કરવા માટે બેઠક કરાઈ હતી. ગયા વર્ષે સરકારે લાભ આપવાની જાહેરાત કર્યા બાદ ઠરાવ ન થતા શિક્ષકોએ વિરોધ દર્શાવ્યો હતો. ઠરાવ ન આવતા શિક્ષકો જરૂર પડે તો આંદોલન કરશે તેવી ચીમકી આપી. જૂની પેન્શન યોજના અંગે રાજ્યના ૨૨ હજારથી વધુ શિક્ષકો આંદોલન કરી શકે છે.

રાજ્યના આરોગ્ય કર્મચારીઓ સરકાર સામે બાંયો ચડાવવાના મૂડમાં છે. રાજ્ય સરકારે ગયા વર્ષે કરેલા સમાધાન સંદર્ભે વિરોધના સૂર પેદા થયા છે. વિવિધ માંગ કરાઈ છે. જેમ કે, **MPHW, FHW** કેડરને ટેક્નિકલમાં ગણવા માંગ. **MPHW, FHW** સહિતની ૪ કેડરને ગ્રેડ પે સુધારવા માંગ. તેમજ સરકાર સાથે બેઠકની આરોગ્ય કર્મચારીઓની માંગ કરાઈ.

### નવસારીના જલાલપોરનો પારિવારિક કિસ્સો ટોકિંગ પોઈન્ટ બન્યો

# ભારત ટોસ હારતા જ મેચ પણ હારશે... કહેતા જ સાસરિયાઓ વહુ સાથે ઝઘડી પડ્યા

નવસારી,તા.૨૧

વર્લ્ડ કપની ફાઈનલ પણ કોઈના ઘરમાં કંકાસ કરાવી શકે છે તેવો કિસ્સો સામે આવ્યો છે. વર્લ્ડ કપની ફાઈનલમાં ટોસ બાબતે થયેલા પારિવારિક ઝગડાએ એટલું મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે, ઝગડો છોડાવવા અભયમની ટીમને બોલાવવી પડી હતી. આખરે અભયમની ટીમે સમાધાન કરાવતા કંકાસ પૂરો થયો હતો.

ક્રિકેટ લોકોના દિલ દિમાગમાં એવી છવાઈ છે કે હાર જીતને લઈ લોકો વચ્ચે વિવાદ, ઝઘડો, મારામારી જેવી અનેક ઘટનાઓ બની જતી હોય છે. આવું જ કઈક નવસારીમાં બન્યું. ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી વિશ્વકપ ફાઈનલ મેચમાં ભારત ટોસ હારતા જ ઘરની વહુએ ભારત હારી જશે, બોલતા જ સાસરિયાઓએ એની સાથે ઉગ્ર ઝઘડો કર્યો હતો. જેમાં વહુએ ૧૮૧ અભયમ ટીમની મદદ લેતા મામલો થાળે પડ્યો હતો. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના જલાલપોરનો આ કિસ્સો છે. વાત જાણે એમ હતી કે, રવિવારે ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમાઈ હતી. આ મેચ માટે સૌ કોઈ ઉત્સાહી હતા. રવિવારે સવારથી જ મેચ માટે ઉત્સુકતા હતા. લોકોના ઘરોમાં મોટી સ્કીન પર મેચ જોવાનું આયોજન કરાયુ હતું, આ માટે પરિવારો ભેગા થયા હતા. ત્યારે મેચ પહેલા ટોસ કોણ જીતશે તે મોટો સવાલ હતો. આવામાં જલાલપોર તાલુકાના એક પરિવારમાં પણ તમામ સભ્યો ભેગા થઈને મેચ જોઈ રહ્યા હતા.

ઓસ્ટ્રેલિયા ટોસ જીતી જતા જ પરિવારની વહુએ કોમેન્ટ કરી હતી કે, વર્લ્ડકપની ફાઈનલમાં ટોસ હારતા ભારત હારશે. વહુએ આવુ કરતા જ સાસરીયાઓની લાગણી દુભાઈ હતી. વહુ ભારત વિરોધી બોલતા તેઓ ગુસ્સે ભરાયા હતા અને આવુ બોલી જ કેમ તેવુ કહીને તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી.

બીજી તરફ, સાસરિયાવાળા વહુ પર તૂટી પડતા તે ગભરાઈ ગઈ હતી, અને તેને મદદ માટે ૧૮૧ અભયમને મદદ માટે ફોન કર્યો હતો. આ બાદ અભયમની ટીમ મદદ માટે દોડી આવી હતી. અભયમની ટીમે મામલો જાણીને તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. આખરે સમાધાન થયું હતું.

ભાજપના મહિલા ધારાસભ્યે જાહેરમાં ઉભરો ઠાલવ્યો, 'પાર્ટીના લોકો મારું અપમાન કરે છે'

અભયમની ટીમે સાસરિયાઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પરિવારના સભ્યોને સમજાવ્યું કે ક્રિકેટ એક પ્રકારની રમત જ છે અને રમતમાં હારજીત થતી હોય છે. જેને આપણે ખેલદિલીથી જોવું જોઈએ. ભારત મહેનત કરશે તો જીતશે જ.. કોઈના કહેવાથી ટીમ હારે કે જીતે એવું હોતું નથી. ૧૮૧ અભયમ ટીમ દ્વારા સમજાવવામાં આવતા પરિવારના સભ્યો શાંત થયા હતા. સાથે જ સામે વહુને પણ પરિવારની વાત માની લેવામાં આવે તો વાતનું વતેસર થતા અટકેની સમજ આપી હતી. જેથી ૧૮૧ અભયમે એક પરિવારને વિખેરાતા બચાવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકવાર આપીને ભૂલી જાવ પરંતુ લઈને કદાપી ન ભૂલો...
- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૧૦ પંચક તા.૨૨ નવેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૮, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, હર્ષણ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૧૦, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), બપોરે ૧૨:૫૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યો કરી શકશો, મનની મુરાદ બર આવે.
વૃષભ:પ્રિયજનનો વિરહ વેઠવો પડે, અટકી-અટકીને કાર્ય સફળ થાય.
મિથુન:જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય, આર્થિકલાભની તક સાંપડે.
કર્ક: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મેળવી શકશો. મન પ્રફુલ્લિત રહે.
સિંહ: નવું આર્થિક રોકાણ ન કરવું હિતાવહ, હિતશત્રુઓથી સાવધ રહેવું.
કન્યા: મનમાં ગુપ્ત ચિંતા સતાવે, મહત્વની કામગીરીમાં રૂકાવટ આવે.
તુલા: અણગમતા કાર્યો ફરજીયાત કરવા પડે, માનસિક અશાંતના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:મહત્વની સમસ્યા હલ થઈ જાય, આકસ્મિક પ્રવાસ થાય.
ધન: મહત્વના કાર્યને મુલત્વી રાખવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકર: ગમેતેવી અડચણો વચ્ચે પણ કાર્ય સફળ થાય, મનમાં આનંદ-ઉત્સાહ વધે.
કુંભ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આકસ્મિક કાર્ય, સફળતાના યોગ છે.
મીન: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો હિતાવહ, આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

### ગુજરાતને નવા પ્રોજેક્ટોને ભેટ મળશે

# ડિસેમ્બરના અંત સુધીમાં ૪ ડ્રીમ પ્રોજેક્ટ ખુલ્લા મૂકાશે

અમદાવાદ, તા.૨૧

ગુજરાતને આગામી ડિસેમ્બર માસ સુધીમાં નવા ૪ ડ્રીમ પ્રોજેક્ટની ભેટ મળી શકે છે. વાત જાણે એમ છે કે, રાજ્યમાં ૪ મુખ્ય પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે છે. જેમાં દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, સુરત ડાયમંડ બુર્સ, સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રાજકોટ એઈમ્સ લગભગ તૈયાર છે. હવે આ ચારેય પ્રોજેક્ટ આગામી ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં ખુલ્લા મૂકવામાં આવે તેવી સંભાવના છે.

● દ્વારકાનો સિગ્નેચર બ્રિજ

ઓખા બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ લગભગ તૈયાર થઈ ગયો છે. મહત્વનું છે કે, અત્યાર સુધી બેટ દ્વારકા જવા માટે દર્શનાર્થીઓને હોડીમાં બેસીને જવું પડતું હતું. જોકે હવે કરોડોના ખર્ચે આ બ્રિજનું નિર્માણ થતાં લોકો આ બ્રિજથી કાર કે અન્ય વાહનો લઈને બેટ દ્વારકા પહોંચી શકશે.

● ડાયમંડ નગરી

ગણાતી સુરતમાં બનેલ ડાયમંડ બુર્સએ ન માત્ર સુરત પરંતુ આખા ગુજરાતની શાન બની રહેશે. વિગતો મુજબ અમેરિકાના ડિફેન્સ કાર્યાલય પેન્ટાગોન કરતાં ય આ ડાયમંડ બુર્સ એ મોટી ઈમારત છે. અહીં વિશ્વભરના હીરાના ખરીદદારો આવશે જેના પરિણામે આયાત-નિકાસ જ નહીં વેપારને પણ વેગ મળશે.

● સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ

મેગા સિટી અમદાવાદમાં ૩૫૦ કરોડના ખર્ચે થયેલ થઈ રહેલ સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબને આખરી ઓપ અપાઈ રહ્યો છે. અહીં હોટલ-રેસ્ટોરન્ટ, મોલ અને ટેરેસ ગાર્ડન જેવી અનેક સુવિધાઓ છે. અહીંથી **BRTS**, મેટ્રો, રેલની મુસાફરી કરી શકાશે. આ સાથે ૧૨૦૦ વાહનો પાર્ક થઈ જાય તેવું પાર્કિંગ પણ બનાવાયું છે.


● રાજકોટ એઈમ્સનું કામ પૂર્ણતાના આરે

આ સાથે રાજકોટમાં તૈયાર થઈ રહેલ એઈમ્સનું કામ પણ હવે પૂર્ણ થવા આવ્યું છે. મહત્વનું છે કે, આ ચારેય મહત્વનના પ્રોજેક્ટનું ડિસેમ્બરના અંત સુધીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થઈ શકે છે.

# કષ્ટભંજન દાદાને હેલિકોપ્ટરથી પુષ્પવર્ષાનો અનોખો લ્હાવો

બોટાદ, તા.૨૧ : મહોત્સવમાં ભક્તો હવાઈ મુસાફરી કરી પુષ્પવર્ષા કરી શકે, તેવું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો સામાન્ય કિંમતથી હેલિકોપ્ટરમાં બેસી સાળંગપુર ધામની પ્રદક્ષિણા કરે છે. કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાના દર્શન કરી શકી છે અને પુષ્પવર્ષા પણ કરી શકે છે. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે શતામૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જેમાં અનોખું આયોજન થયું છે. મહોત્સવમાં ભક્તો હવાઈ મુસાફરી કરી પુષ્પવર્ષા કરી શકે, તેવું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો સામાન્ય કિંમતથી હેલિકોપ્ટરમાં બેસી સાળંગપુર ધામની પ્રદક્ષિણા કરે છે. કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાના દર્શન કરી શકી છે અને પુષ્પવર્ષા પણ કરી શકે છે. હેલિકોપ્ટર મારફતે કિંગ ઓફ સાળંગપુરને પુષ્પવર્ષા કરતા ભક્તો પણ ખુશ થયા છે. શતામૃત સમારંભને લઈને મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે.

# ગીર સોમનાથના ગામડાઓ ઉપર તોળાતું સંકટ : આગામી ૩૦થી ૪૦ વર્ષમાં ડૂબી શકે છે ગુજરાતના કેટલાક બંદરો



અમદાવાદ, તા.૨૨

વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ગુજરાતના જિલ્લાનાં કેટલાક સમુદ્ર કિનારાના બંદરો અને ગામો ઉપર જોખમ તોળાઈ રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગ એ માનવજાતના અસ્તિત્વ સામે સૌથી મોટો ખતરો ઉભો કરી રહ્યું છે. તેવામાં ગીર સોમનાથ જિલ્લામાં બહોળો સમુદ્ર કિનારો આવેલો છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગને કારણે જિલ્લાનાં કેટલાક સમુદ્ર કિનારાના બંદરો અને ગામો ઉપર જોખમ તોળાઈ રહ્યું છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી પણ આપી છે કે આગામી ૫૦ વર્ષમાં કેટલાક બંદરો ડૂબી શકે છે. ત્યારે આ બાબતે ખૂબ ચિંતા જગાવી છે. છેલ્લા બે દાયકાથી દિનપ્રતિદિન ગ્લોબલ વોર્મિંગને કારણે વાતાવરણમાં વિષમતા વધી રહી છે. તો ઋતુચક્રમાં પણ બદલાવ આવી રહ્યો છે. વિશ્વનાં મોટા ભાગનાં દેશો આ બાબતે ચિંતિત છે. વૈજ્ઞાનિકો પણ ચિંતા સાથે ભય પણ વ્યક્ત કરી રહ્યા છે કે, જો હવે આપણે નહીં સમજી એ તો વિશ્વના સમુદ્ર કિનારાના અનેક શહેરો અને ગામો ડૂબી શકે છે. આ વાતને સમર્થન આપતી ઘટનાઓ પણ ગીર સોમનાથ જિલ્લાનાં સમુદ્રી તટીય પ્રદેશમાં અણસાર આપી રહી છે. ગીરનાં કેટલાક સમુદ્ર કિનારાના શહેરો અને ગામોમાં સમુદ્ર આગળ વધી રહ્યો છે. જેમાં કોડીનારનું મૂળ દ્વારકા બંદર, માઢવાડ બંદર અને કોટડા બંદર તો સુત્રાપાડા, ધામળેજ અને વેળાકોટ બંદરનો સમુદ્ર જે રીતે આગળ વધી રહ્યો છે તે જોતા એવું લાગી રહ્યું છે કે આગામી ૩૦થી૪૦ વર્ષમાં આ બંદરો ડૂબી શકે છે. ગીર સોમનાથ જિલ્લાનાં માઢવાડ અને મૂળ દ્વારકા બંદર તેમજ દિવ વિસ્તારનાં માછીમારો અને ગ્લોબલ વોર્મિંગનાં જાણકાર એવું જણાવી રહ્યા છે કે વર્ષો પહેલા સમુદ્ર વર્તમાન કિનારાથી ૫૦થી ૬૦ મીટર દૂર હતો. જે હાલ આગળ આવી ગયો છે.ગ્લોબલ વોર્મિંગની આજ સ્થિતિ રહી તો આવતા વર્ષોમાં સૌરાષ્ટ્રનાં ઘણા શહેરો અને બંદરો ડૂબી જવાની સંભાવના દર્શાઈ રહી છે. ગ્લેશિયરો ઓગળી રહ્યા છે. કોડીનારના દ્વારકા અને માઢવાડ બંદરનાં કેટલાક મકાનો તો હાલ વાસ્તવમાં ડૂબી ગયા છે. વૈશ્વિક તાપમાન વધવાને કારણે આમ બની રહ્યું છે. સમુદ્રનું આગળ વધવાનું મુખ્યતઃ કારણ જ ગ્લોબલ વોર્મિંગ છે. માણસની જેમજેમ ભૌતિક જરૂરિયાતો વધી રહી છે. સુખાકારી અને આધુનિકતા આગામી વર્ષોમાં ભયજનક નીવડી શકે છે. કાર્બન ઉત્સર્જનને કારણે વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે. જે ખરેખર ચિંતાનો વિષય છે. ગ્લોબલ વોર્મિંગની વધતી જતી ચિંતા વચ્ચે ડરાવણો રિપોર્ટ સામે આવ્યો છે.ગ્લોબલ વોર્મિંગ આગામી દાયકામાં માનવ સભ્યતા માટે સૌથી મોટા ખતરા તરીકે ઉભરી રહ્યું છે. ત્યારે આ સદીના અંત સુધીમાં તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ વધશે તો સદીના વચ્ચેના સમયગાળા દરમ્યાન ગરમીના કારણે વાર્ષિક મૃત્યુ ૩૭૦ ટકા વધી શકે છે. આ વર્તમાન સંખ્યાના પાંચ ગણા હશે, જે ડરામણી શકયતા છે. સાયન્સ મેગેઝિન ધ લેન્સેટે ૧૪ નવેમ્બરએ એક અભ્યાસ રિપોર્ટ જાહેર કર્યો હતો. જેમાં આ દાવો કર્તા ચિંતા બેવડાઈ છે. ધ લેન્સેટ કાઉન્ટડાઉનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર મરિના રોમનેલોએ યુનિવર્સિટી કોલેજ લંડન ખાતે કહ્યું હતું કે ૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવું એ જોખમી વિશ્વનું ડરામણું દ્રશ્ય ઊભું કરે છે. વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગને રોકવાના પ્રયાસોની અપૂરતીતા પણ દર્શાવે છે. તેમણે કહ્યું, વિશ્વ હજુ પણ પ્રતિ સેકન્ડ ૧,૩૩૭ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન કરી રહ્યું છે. જેને લઈને માનવ સ્વાસ્થ્ય જોખમાય છે. યુનિવર્સિટી કોલેજ લંડનના સંશોધકોની આગેવાની હેઠળ, આ વિશ્લેષણવિશ્વભરની સંશોધન સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

# વિશ્વના સુંદર દરિયા કિનારામાં જેનો સમાવેશ થાય છે તે દીવમાં આધુનિક ક્રૂઝ સેવાનો પ્રારંભ !





ગાંધીનગર,તા.૨૨

સંઘ પ્રદેશ દીવમાં અતિ આધુનિક યંત્રોથી સજ્જ મીની ક્રૂઝ ફ્લોટીંગ રેસ્ટોરન્ટનું ઓપનિંગ કરવામાં આવ્યું છે. દીવ કલેકટર ભાનુપ્રભા દ્વારા આ ફ્લોટીંગ રેસ્ટોરન્ટને ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ૧૬૫ પેસેન્જરોની બેઠકો અને ૧૦ ક્રુ મેમ્બરોની ક્ષમતા ધરાવતી DVS ગ્લોબલ કંપનીની મેક ઈન ગોવામાં બનેલી તદ્દન ન્યૂ બ્રાંડ અતિ આધુનિક યંત્રોથી સજ્જ મીની ક્રૂઝ દીવના બંદરે પહોંચતા દીવવાસીઓ અને પ્રવાસીઓમાં ખુશીની લહેર વ્યાપી જવા પામી છે. આ DVS ગ્લોબલ મીની ક્રૂઝની વાત કરીએ તો ૧૫૦ ટન વજનની કેપેસીટી ડબલ એંજિન ધરાવે છે. ૪૦થી ૫૦ નોટિકલ માઈલ સુધી ઉંડા દરિયામાં જઈ શકે છે. તેમાં મેરેજ તેમજ બર્ડે પાર્ટી કરવાની સુખ સુવિધા સાથે ડાંસ પાર્ટી કરવાની સુવિધા ઉપલબ્ધ છે. સેફટી અને સુરક્ષાની વાત કરીએ તો લાઈફ ગાર્ડ, લાઈફ જેકેટ, લાઈફ બોટ સાથે ટ્રેનીંગ પ્રાપ્ત રેસ્ક્યુ ટીમની સુવિધા પણ ઉપલબ્ધ છે. પ્રવાસીઓને એકથી દોઢ કલાક સુધી દીવના દરિયા કિનારાના આહ્લાદક વાતાવરણની સફળ કરાવીને મોજ માણવાનો અનેરો આનંદ માણી શકશે.

દીવમાં દેશ-વિદેશના પ્રવાસીઓનો ધસારો રહેતો હોય છે. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળ હોવાના કારણે અને દીવ એક સુંદર દરિયાઈ ટાપુ હોવાને કારણે, દેશ-વિદેશના લાખો પ્રવાસીઓ દર વર્ષે દીવની આસપાસના અરબી સમુદ્રના સુંદર દરિયાકિનારાનો આનંદ માણવા આવે છે. કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વારસામાં અખૂટ કુદરતી સંપત્તિ છે. દીવ એ વિશ્વના સુંદર દરિયા કિનારાઓમાનું એક છે. દર વર્ષે દેશ- વિદેશમાંથી લાખો પ્રવાસીઓ દીવના આ સુંદર દરિયા કિનારાનો આનંદ માણવા દીવ આવે છે. ત્યારે હવે આ નવું નજરાણું દીવ ખાતે ઉમેરાતા પ્રવાસીઓનો ધસારો વધુ વધશે તેમ જણાય છે.

# ગાંધીજીએ ૧૯૧૩માં કહ્યું હતું કે 'આધુનિક સભ્યતાને લીધે સ્વચ્છ હવા માટે પણ કિંમત ચૂકવવી પડે છે' : તેમનું આ વાક્ય આજના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે



નવી દિલ્હી તા.૨૨

દિલ્હી અને ભારતના અન્ય ભાગોમાં લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારી ઉપર વાયુ પ્રદૂષણની અસર એ અશ્મિભૂત ઈંધણના જંગી વપરાશ ઉપર સ્થાપિત આધુનિક સંસ્કૃતિની આડપેદાશ છે અને મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો તે "ઈચ્છાઓના સતત વધારાને કારણે'' છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ઓક્ટોબર ૨૯ અને ૧ નવેમ્બર ૨૦૧૮ની વચ્ચે વાયુ પ્રદૂષણ અને આરોગ્ય ઉપર પ્રથમ વખતની વૈશ્વિક પરિષદ બોલાવી હતી. WHOએ તે સમયે અવલોકન કર્યું હતું કે વિશ્વ વધુ ગરમ અને વધુ ગીચ બનતું જાય છે. અમારા એન્જિનો ઉત્સર્જન કરે છે અને અડધા વિશ્વને સ્વચ્છ ઈંધણ અથવા ટેક્નોલોજી (દા.ત. સ્ટોવ, લેમ્પ)ની એક્સેસ નથી, આપણે જે હવા શ્વાસમાં લઈએ છીએ તે ખતરનાક રીતે પ્રદૂષિત થઈ રહી છેઃ દસમાંથી નવ લોકો હવે પ્રદૂષિત હવામાં શ્વાસ લે છે અને દર વર્ષે ૭ મિલિયન લોકો તેનો ભોગ બને છે. વાયુ પ્રદૂષણની આરોગ્ય અસરો ગંભીર છે. સ્ટ્રોક, ફેફસાના કેન્સર અને હૃદય રોગથી થતા મૃત્યુ પૈકી એક તૃતીયાંશ મૃત્યુ હવાના પ્રદૂષણને કારણે થાય છે. વાયુ પ્રદૂષણથી બચવું મુશ્કેલ છે પછી ભલે તમે ગમે તેટલા સમૃદ્ધ વિસ્તારમાં રહેતા હોવ. હવામાં સૂક્ષ્મ પ્રદૂષકો આપણા શરીરમાં આપણા શ્વસન અને રૂધિરાભિસરણ તંત્રમાં ઊંડે સુધી પ્રવેશી શકે છે. આપણા ફેફસાં, હૃદય અને મગજને નુકસાન પહોંચાડે છે. સો વર્ષ પહેલાં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ આધુનિક સંસ્કૃતિના કારણે વાયુ પ્રદૂષણ વિશે લખ્યું હતું. ૫ માર્ચ ૧૯૦૬ના રોજ, તેમણે ઈન્ડિયન ઓપિનિયનમાં લખ્યું કે માણસ ઘણા દિવસો સુધી ખોરાક વિના કરી શકે છે અને પાણી વિના એક દિવસ જીવી શકે છે પરંતુ હવા વિના એક મિનિટ પણ જીવવું અશક્ય છે. જો જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ વસ્તુ શુદ્ધ ન હોય તો પરિણામ હાનિકારક હોઈ શકે. ગાંધીએ લખ્યું કે આ બાબત ભારતીય નેતાઓએ વિચારવી જોઈએ. આપણે ઘણું સહન કરીએ છીએ કારણ કે આપણને શુદ્ધ હવાનું મૂલ્ય સમજાતું નથી અને પ્લેગ જેવા રોગો ફેલાય છે. તેમના આ શબ્દો સમકાલીન લાગે છે. કારણ કે આપણા નેતાઓ વધતા જતાં વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે ભાગ્યે જ કંઈ કરે છે. ગાંધીજીએ "આરોગ્ય અંગે સામાન્ય જ્ઞાન" શીર્ષક હેઠળ ૧ ફેબ્રુઆરી, ૧૯૧૩ના રોજ પ્રકાશિત આવા જ એક લેખમાં તેમણે અવલોકન કર્યું કે માનવ શરીરનું અસ્તિત્વ હવા, પાણી અને ખોરાક ઉપર નિર્ભર છે અને હવા સૌથી જરૂરી છે. ત્યારપછી તેમણે વ્યથા સાથે લખ્યું હતું કે આધુનિક સંસ્કૃતિ માટે આપણે હવાને પ્રદુષિત કરી છે. કુદરત દ્વારા હવા કોઈ પણ કિંમત વિના પ્રદાન કરવામાં આવી છે. આજના સમયમાં શુદ્ધ હવા લેવા માટે આપણે દૂરના સ્થળોએ જવું પડે છે અને તેના માટે પૈસા ખર્ચ થાય છે. ગાંધીજીના આ શબ્દો હાલના સંદર્ભમાં યોગ્ય છે. દિલ્હી, મુંબઈ અને ભારતના અન્ય કેટલાક ભાગોમાં લોકો એવી હવામાં શ્વાસ લઈ રહ્યા છે જે હવા ગુણવત્તા સૂચકાંક મુજબ આરોગ્ય અને સુખાકારી માટે જોખમી છે. હજારો લોકો શ્વાસ લેવા માટે સ્વચ્છ હવાની શોધમાં દિલ્હી છોડીને ટેકરીઓ અથવા દૂરના સ્થળોએ જઈ રહ્યા છે અને ગાંધીના શબ્દોમાં કહીએ તો "આના માટે પૈસા ખર્ચ થાય છે". અત્યંત પ્રદૂષિત હવાથી બચવા શહેરો છોડીને દૂર-દૂરના સ્થળોએ જવા ઉપરાંત લોકો તેમના કાર્યસ્થળો અને ઘરો માટે એર પ્યુરિફાયર ખરીદી રહ્યા છે. આવી બધી ઘટનાઓ ભાગ્યે જ બે-ત્રણ દાયકાઓ પહેલા જાણીતી હતી. જે ગાંધીની ભવિષ્યવાણી અને ચેતવણીને સમર્થન આપે છે. તેમણે હવાને પ્રદૂષિત કરવા માટે આધુનિક સંસ્કૃતિને દોષિત ઠેરવતા અને સ્વચ્છ હવા ઉપર પ્રાઈસ ટેગ લગાવતા સ્વરાજનું અર્થઘટન લોકોને સ્વચ્છ હવા, પાણી અને અનાજની પહોંચના સંદર્ભમાં કર્યું હતું. હિંદુ-મુસ્લિમ એકતા અસ્પૃશ્યતા નાબૂદી, આર્થિક સમાનતા, મહિલા સશક્તિકરણ વગેરે દૃષ્ટિકોણ ઉપરાંત ૧ જાન્યુઆરી, ૧૯૧૮ના રોજ અમદાવાદમાં અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા પાણીના અપૂરતા અને અનિયમિત પુરવઠા સામે વિરોધ કરતાં ગાંધીએ હવા, પાણી અને અનાજ વિશે વાત કરી અને તેમને સ્વરાજના પાસાઓ તરીકે વર્ણવ્યા અને અવલોકન કર્યું કે હવા બધા માટે મફત છે પરંતુ જો તે પ્રદૂષિત હોય તો તે આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. ડૉક્ટરોનું કહેવું છે કે ખરાબ હવા ખરાબ પાણી કરતાં વધુ નુકસાનકારક છે. ખરાબ હવાને શ્વાસમાં લેવી હાનિકારક છે અને આ જ કારણ છે કે આપણને ક્યારેક હવા બદલવાની જરૂર પડે છે. એ જ રીતે ૧૯૩૧માં તેમણે ન્યાયી વહીવટ ઉપર લખ્યું કે રામ રાજ્યમાં અથવા લોકોના રાજમાં અને લોકશાહીમાં લોકોને સ્વચ્છ હવા અને શુદ્ધ પાણીની સમાન ઍક્સેસ મળવી જોઈએ. ભારતમાં વધતું વાયુ પ્રદૂષણ અને આપણા દેશમાં પીવાના પાણીની અછતને કારણે સર્જાયેલી કટોકટી આપણા લોકશાહી અને શાસનનું અવમૂલ્યન દર્શાવે છે. આ સંદર્ભમાં આપણા શાસન અને અશ્મિભૂત ઈંધણ આધારિત કાર્બન અર્થવ્યવસ્થામાંથી સ્વચ્છ અને ટકાઉ અર્થતંત્રમાં પરિવર્તન માટે સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી અંગેના ગાંધીના વિચારોની પુર્નઃ વિચારણા કરવી મહત્વપૂર્ણ છે.

# યુરિયા ખાતર સાથે નેનો યુરિયાને ફરજિયાત કરાતા ખેડૂતોનો વિરોધ

અમદાવાદ, તા.૨૨

ખેડૂતોના માથે એક પછી એક ઘાત આવતી જાય છે ક્યાંક વાવાઝોડાથી પાકને નુકસાન તો ક્યાંક પાણી વિના પાક બરબાદ એટલું જ નહીં નકલી બિયારણોના કારણે પણ ખેડૂતોને મોટું નુકસાન થયું હોવાની બૂમ ઉઠી છે તેવામાં હવે યુરિયા ખાતરનું થેલી સાથે બળજબરીથી નેનો યુરિયા બટકાવવામાં આવતા આણંદ જિલ્લાના આંકલાવમાં ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો. ઘણીવાર તમે યુરિયા ખાતરની અછતના કારણે ખેડૂતને લાઈનમાં જોયા હશે કે પછી વિલા મોઢે પરત જતા પણ જોયા હશે પણ આણંદના આંકલાવમાં આજે ખેડૂતોએ ભેગા થઈ યુરિયા સાથે નેનો યુરિયા અબતકારતા ખાતર ડેપો સામે બાંયો ચઢાવી હતી. હાલ આણંદ જિલ્લામાં તમામ ખાતર ડેપો સહિત ખાનગી એગ્રો સેન્ટરવાળા દ્વારા યુરિયા ખાતરની થેલી સાથે ફરજિયાત નેનો યુરિયા અપાઈ રહ્યું છે. એક થેલી યુરિયા સાથે એક લિક્વિડ નેનો યુરિયા બોટલ લેશો તોજ યુરિયા ખાતર મળશે તેવું ડેપો સંચાલકોએ ફરમાન પણ કરી દીધું છે ત્યારે ભેટાસી સ્થિત યમુના એગ્રો નામના ખાતર ડેપોના આ નિયમો સામે ખેડૂતોએ વિરોધ કર્યો કર્યો છે અને યુરિયા ખાતરની થેલી સાથે નેનો યુરિયાની બોટલના વધારાના ખર્ચાથી ખેડૂતોને ખાતર લીધા વગર પાછા ફરવાનો વારો આવ્યો છે જો કે, આ મામલે ડેપો ધારકને પૂછતા તેઓએ જણાવેલ કે ઉપરથી જ અમોને યુરિયાની ગાડી સાથે બળજબરીથી નેનો યુરિયા આપવામાં આવે છે તો અમે શું કરીએ ? જ્યારે બીજી તરફ જવાબદાર અધિકારીઓ અમો યુરિયા ખાતર સાથે નેનો યુરિયાનો કોઈ પરિપત્ર જાહેર ન કર્યો હોવાનું રટણ કરી રહ્યા છે. એક તરફ સરકાર નેનો યુરિયાને પ્રાધાન્ય આપવા કેટકેટલી જાહેરાતો કરે છે ત્યાં બીજી તરફ નેનો યુરિયા આપવામાં આવતાં ખેડૂતોએ હોબાળો મચાવ્યો છે.

## હજીરા-ઘોઘા રો-રો ફેરી સેવાને ત્રણ વર્ષ પૂર્ણ


# સૌરાષ્ટ્રના લઘુ ઉદ્યોગો દ્વારા તૈયાર કરાતો માલ ઝડપી અને સસ્તા ભાવે સુરત અને ત્યાંથી મુંબઈ જેવા મોટા શહેરોમાં પહોંચે છે

**સૌરાષ્ટ્ર અને સુરતનું અંતર ઘટ્યું, વેપાર, વ્યવહાર અને સંબંધ વધ્યા, ફેરીમાં દરરોજ ૨૦૦૦ મુસાફરો, ૨૮૦ પેસેન્જર વાહનો, ૨૦૦ ટુવ્હીલર અને ૧૮૦ ટ્રકની હેરફેર: રો-રો ફેરીના પ્રારંભથી આજ સુધી ૬,૪૯,૧૬૫ મુસાફરોનું આવાગમન થયું, આગામી દિવસોમાં હજીરાની ગીર સોમનાથના મૂળ દ્વારકા સુધીની રો-રો સર્વિસ શરૂ થશે**

ભાવનગર, તા.૨૨

સુરતના હજીરાથી ભાવનગરના ઘોઘાને દરિયાઈ માર્ગથી જોડતી રો-રો ફેરી સર્વિસે સુરત-સૌરાષ્ટ્ર વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવર ખૂબ સરળ અને સુગમ બનાવી છે. જેથી સુરતના ધંધા-ઉદ્યોગોનો લાભ સૌરાષ્ટ્રને મળતા સૌરાષ્ટ્રના જિલ્લાઓને આર્થિક રીતે મજબૂતાઈ મળી છે, અને વ્યવસાય-રોજગારીની નવી તકો ઉભી થઈ છે. રો-રોને કારણે સૌરાષ્ટ્રના પ્રવાસન સ્થળોએ પહોચવું સરળ બન્યું છે, પરિણામે પ્રવાસન ઉદ્યોગને પણ વેગ મળ્યો છે. મુસાફરો સહિત સૌરાષ્ટ્રના લઘુ ઉદ્યોગો દ્વારા તૈયાર કરાતો માલ ઝડપી અને સસ્તા ભાવે સુરત અને ત્યાંથી મુંબઈ જેવા મોટા શહેરોમાં પહોંચી રહ્યો છે. જેથી સૌરાષ્ટ્રને રો-રો થકી એક મોટું બજાર મળ્યું છે. આમ, રો-રો સેવા એ માત્ર પરિવહન સેવા ન બની રહેતા સૌરાષ્ટ્ર અને સુરતના લોકો માટે સમૃદ્ધિની ચાવી સાબિત થઈ છે. આ ફેરી સેવાથી સૌરાષ્ટ્ર અને સુરતનું અંતર ઘટ્યું છે, અને વેપાર, વ્યવહાર અને સંબંધ વધ્યા છે. સમય, ઈંધણ અને નાણાની બચત કરનારી આ સેવાએ બે પ્રદેશોને વિકાસના માર્ગે જોડ્યા છે. દિવાળીના તહેવારોમાં સુરતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસીઓ વતનમાં જાય છે, તેમના માટે રોરો સેવા આશીર્વાદરૂપ બની છે. તા.૧૦મી નવેમ્બરે વિશ્વ માસ ટ્રાન્સપોર્ટ દિવસ પણ ઉજવાય છે, ત્યારે વોટર માસ રેપિડ ટ્રાન્સપોર્ટ રૂપે જળમાર્ગની પણ ખૂબ ઉપયોગિતા છે. કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને વોટર વેયઝ મંત્રાલય દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટી હેઠળ સાકાર થયેલી ફેરી સેવા અંતર્ગત હજીરા ખાતે સપ્ટેમ્બર-૨૦૨૨માં નવું સ્ટેટ ઓફ ધ આર્ટ 'ડીપ ડ્રાફ્ટ ટર્મિનલ' પણ તૈયાર કરાયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુલી ઉપસ્થિત રહીને તા.૮ નવેમ્બર,૨૦૨૦ ના રોજ સુરતના હજીરા પોર્ટથી ભાવનગરના ઘોઘા બંદર માટે રો-રો અને રો-પેક્સ ફેરી સેવાનો શુભારંભ કરાવ્યો હતો. જેનો તા.૯મી નવેમ્બરના રોજ ત્રણ વર્ષ પુર્ણ થયા છે. આ સફળતાપૂર્વક ચાલતી રો-રો સેવા દરરોજ બે રાઉન્ડ ટ્રીપ કરે છે અને દરરોજ અંદાજે ૨૦૦૦ મુસાફરો, ૨૮૦ પેસેન્જર વાહનો, ૨૦૦ ટુ-વ્હીલર અને ૧૮૦ ટ્રકની હેરફેર કરે છે. છેલ્લા ૩ વર્ષમાં, નવેમ્બર૨૦૨૦ થી શરૂ કરીને હજીરા- ઘોઘા રોરો ફેરી સર્વિસ દ્વારા કુલ ૬,૪૯,૧૬૫ મુસાફરો, ૯૩,૯૮૫ કાર, ૫૦,૨૨૯ દ્વિચક્રી વાહનો અને ૭૨,૮૩૩ ભારે માલવાહક વાહનોની હેરફેર કરવામાં આવી છે.



ઘોઘા-હજીરા વચ્ચેનું માર્ગ અંતર લગભગ ૩૯૦ કિમી છે જે દરિયાઈ માર્ગે ઘટીને માત્ર ૯૦ કિમી થઈ ગયું છે, પરિણામે ઈંધણની મોટી બચત થઈ છે. અત્યાર સુધીમાં રો-રો પેક્સ ફેરી સર્વિસ દ્વારા ૧,૬૫,૫૩,૧૮૮ લિટર ઈંધણની બચત થઈ છે. પરિણામે ૩૨,૪૦૮ મેટ્રિક ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયાનો અંદાજ છે. ફેરી સર્વિસનું સંચાલન 'DG સી કનેક્ટ' બ્રાન્ડ નેમ હેઠળ ડેટોક્ષ ગ્રુપની કંપની ઈન્ડિગો સીવેયઝ પ્રા.લિ. કરે છે. ઈન્ડિગો સીવેયઝના સી.ઈ.ઓ. દેવેન્દ્ર મનરાલે જણાવ્યું કે, સૌરાષ્ટ્રના લાખો લોકો વર્ષોથી ધંધાર્થે સુરત સ્થાયી થયા છે. તેઓ વર્ષ દરમ્યાન મૂળ વ્યવસાય ખેતી અને માદરે વતન સાથે સતત કનેક્ટેડ રહે છે. સારા-નરસા પ્રસંગોએ સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે ૧૦ થી ૧૨ કલાકની માર્ગ મુસાફરી કરવી પડે છે, જે આ રો-રો સેવાને કારણે ઘટીને માત્ર ૪ કલાકની થઈ ગઈ છે, વળી, સૌરાષ્ટ્ર અને સુરતના મુસાફરો પોતાની સાથે બાઈક કે કાર પણ ગામડે લઈ જઈ શકે છે, એ આ સેવાનો પ્લસ પોઈન્ટ બની રહ્યો છે. દેવેન્દ્ર મનરાલે વધુમાં જણાવ્યું કે, આમ તો ભારતીય પોસ્ટ દ્વારા સડક અને હવાઈ માર્ગે ટપાલ સેવા પૂરી પાડવામાં આવે છે, પરંતુ દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતમાં ૨૦મી જાન્યુઆરી-૨૦૨૩ ના રોજથી દરિયાઈ માર્ગે રોરો ફેરી સેવા દ્વારા ટપાલ સેવા- 'તરંગ'નો શુભારંભ કરાયો હતો. આ અગાઉ સુરતથી અમદાવાદ અને ત્યારબાદ ભાવનગર ટપાલો પહોંચતી હતી. પરંતુ હવે સુરત રેલ પોસ્ટ સર્વિસ ઓફિસથી હજીરા સુધી ટપાલ વિભાગના મેઈલ મોટર સર્વિસ વાહન દ્વારા ટપાલો પહોંચાડવામાં આવી રહી છે, જે રો-રો ફેરી દ્વારા ઘોઘા અને ત્યારબાદ ભાવનગર પહોંચતી કરવામાં આવે છે.

હજીરા-ઘોઘા રો-રો ફેરી સાઉથ ઈસ્ટ એશિયાની સૌથી મોટી ફેરી સેવા છે. ખંભાતના અખાતના હાઈટાઈડ રેન્જ અને ઉચ્ચ દબાણયુક્ત દરિયાઈ પાણીમાં ૬૦ નોટિકલ માઈલ કવર કરે છે. વિશેષ વાત એ છે કે હજીરા ઘોઘા રોરો સેવા સાઉથ ઈસ્ટ એશિયાની સૌપ્રથમ સૌર ઊર્જા-સોલાર પાવરથી સંચાલિત સર્વિસ છે. ફેરીના જહાજ ઉપર સોલાર પેનલો લગાવી છે, જેના કારણે ૧૧૦ કિલોવોટ વીજળી ઉત્પન્ન થાય છે. જહાજમાં ઉપયોગમાં લેવાતી વીજળીની જરૂરિયાતના અંદાજિત ૫૦ ટકા વીજળી સૌર ઉર્જામાંથી ઉત્પન્ન થાય છે એમ મનરાલે ઉમેર્યુ હતું. મનરાલે ઉમેર્યું કે, આગામી દિવસોમાં સુરતના હજીરાથી ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા સુધીની રોરો સર્વિસ શરૂ થનાર છે. આ રૂટ ઉપર ફેરી માટે જેટી અને શિપ પ્લેટફોર્મના નિર્માણની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.

સુરતમાં સ્થાયી થયેલા અને મૂળ સૌરાષ્ટ્ર અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ઢાંગલા ગામના વતની મનીષભાઈ આહિરે જણાવ્યું કે, હું ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલો છું. મારે મારે વાર-તહેવારે ગામડે તેમજ ધંધાકીય કામ માટે સૌરાષ્ટ્ર જવું પડે છે. રો-રો ફેરી શરૂ થતા દિવાળીના તહેવારો કે લગ્નપ્રસંગે ગામડે જવું હવે ખૂબ સરળ બન્યું છે. રો-રો ફેરીમાં હજીરાથી ઘોઘા જઈ રહેલા મુસાફર રિતેશભાઈ કહે છે કે, અમે સંયુકત કુટુંબમાં અમારા વાહન સાથે આવ્યા છીએ. ફેરીમાં પાર્કિંગ, ફુડ પ્લાઝા, બેસવાની સુવિધા છે. કોઈ ટ્રાફિક નહી, કોઈ ઘોંઘાટ નહી અને આરામથી અમે અમારા વતન પહોંચી ગયા છીએ. આ ફેરી સર્વિસ શરૂ થઈ ત્યારથી પોતાનો મહત્તમ માલસામાનની ડિલિવરી આપવા ફેરીનો જ ઉપયોગ કરી રહેલા ભાવનગરના ઉદ્યોગકાર, અગ્રણી ટ્રાન્સપોર્ટર અને ઓલ ઈન્ડિયા ટ્રક ઓનર્સ એસોસિએશનના સભ્ય શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટેલ જણાવે છે કે, હજીરા ઘોઘા ફેરી સેવા ભાવનગર જિલ્લાના ઉદ્યોગો માટે આશીર્વાદરૂપ બની છે. મુંબઈ સુધી માલસામાન પહોંચાડવામાં અમને દરિયાઈ માર્ગે એક નવી કનેક્ટિવિટી મળી છે. ફેરી સેવાથી અમારા ગ્રાહકોને એક દિવસ વહેલા ડિલિવરી આપી શકીએ.

# જૂનાગઢમાં યોજાયેલ સીરત ક્વિઝ-૨૦૨૩ સ્પર્ધામાં વિજેતાઓનું રોકડ પુરસ્કાર, ટ્રોફીથી સન્માન કરાયું



જૂનાગઢ તા. ૨૨

જમાઅતે ઈસ્લામી હિંદ, જૂનાગઢ અને સ્ટુડન્ટ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન જૂનાગઢ દ્વારા જૂનાગઢ ખાતે ગત દિવસોમાં આયોજિત સીરત ક્વિઝ - ૨૦૨૩ સ્પર્ધાનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સીરત (જીવની) ઉપર કેટલાક સવાલોનું એક પ્રશ્નપત્ર બનાવી બાળકોને આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૧૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને પુરસ્કૃત કરવા માટે ગત તા.૧૯-૧૧-૨૩ ને રવિવારના રોજ જૂનાગઢ ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં, ખાસ કરીને મહિલાઓની ઉપસ્થિતિ વધુ રહી હતી.

બાળકો હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં જીવનને વાંચે, સમજે અને તેનું અનુસરણ કરે તેવા હેતુથી આ ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. મો. સલીમ પટીવાલા (અમીર, જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત), ડો. પ્રો. ફિરોઝ શેખ (હેડ, ઈંગ્લિશ ડિપાર્ટમેન્ટ, બીકેએનએમ યુનિ.), મૌલાના અતહર ફૈઝી (ખતીબ, મોહમ્મદી મસ્જિદ) તથા જૂનાગઢના અગ્રણીઓ હાજી કાસમભાઈ પતાણી, હાજી ઈકબાલભાઈ મારફતિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુઆનથી કરવામાં આવી હતી. ત્યારબાદ સલીમભાઈ બારેજીયાએ ઉપસ્થિત રહેલા તમામ લોકોનું સ્વાગત કર્યું હતું. ડો. પ્રો. ફિરોઝ શેખએ તેમના પ્રવચનમાં લોકો આત્મનિર્ભર બને, દીન સાથે દુન્યવી જ્ઞાન પ્રાપ્ત કરતાં થાય તે બાબત ઉપર ભાર મૂક્યો હતો. મૌલાના અતહર ફૈઝીએ અત્યારની પરિસ્થિતિથી લોકોને વાકેફ કરાવતાં કહ્યું કે, "હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સીરત (જીવની) તેમજ લોકો પાસે દીનનું ખૂબ જ ઓછું જ્ઞાન છે. આજે તમામ લોકો દુન્યવી જ્ઞાન પ્રાપ્ત કરવામાં ભાગદોડ કરી રહ્યાં છે, જ્યારે કે દીનનું જ્ઞાન ખૂબ જ ઓછું છે." ડો. મો.સલીમ પટીવાલાએ તેમના પ્રવચનમાં લોકો સીરતનો ગહન અભ્યાસ કરે અને તે અનુસાર તેનું જીવન પસાર કરે તે હેતું હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જીવન વિષે કેટલીક મહત્વની અને ઉંડાણપૂર્વક વાતો જણાવી હતી.

આ ઈનામ વિતરણ સમારોહમાં પ્રથમ વિજેતા ને રૂા.૭૦૦૦, દ્વિતીય વિજેતાને રૂા.૫૦૦૦ અને તૃતીય વિજેતાને રૂા.૩૦૦૦ તથા ટ્રોફી, પ્રમાણપત્ર, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સીરત(જીવની)નું પુસ્તક, જમાઅતે ઈસ્લામી હિંદ એક નજરમાં પુસ્તક, યુવા સાથી સત્યનો સારથી (માસિક ગુજરાતી મેગેઝિન)નું એક વર્ષનું ફ્રી સબસ્ક્રિપશન, ફોલ્ડર ફાઈલ અને એક પેનથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ સિવાય અન્ય ૧૦ લોકોને પ્રોત્સાહન પુરસ્કાર તરીકે પ્રમાણપત્ર, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સીરત(જીવની)નું પુસ્તક, જમાઅતે ઈસ્લામી હિંદ એક નજરમાં પુસ્તક, યુવા સાથી સત્યનો સારથી (માસિક ગુજરાતી મેગેઝિન)નું એક વર્ષનું ફ્રી સબસ્ક્રિપશન, ફોલ્ડર ફાઈલ અને એક પેનથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ ક્વિઝમાં જે લોકોએ ભાગ લીધો હતો તે તમામ લોકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સમાપન આભારવિધિ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જમાઅતે ઈસ્લામી હિંદ, જૂનાગઢ અને સ્ટુડન્ટ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન, જૂનાગઢની ટીમોએ જહેમત ઉઠાવી હતી.

# સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીનું રાજોપચાર પૂજન કરાયું



સાળંગપુર, તા.૨૨


શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી મંગળા આરતી સવારે ૦૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા કરીસવારે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ.દાદાને વાઘાનો દિવ્ય શણગાર કરી ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ અને તેમજ સિંહાસનને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં તથા પુષ્પવર્ષા કરવામાં આવેલ, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા આરતી કરવામાં આવેલ અને દાદાના ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યું હતું.આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ..

## પરિક્રમા દરમ્યાન ગુજરાત અનુ.જાતિ સમાજની વાડીમાં નિઃશુલ્ક અન્નક્ષેત્ર

જૂનાગઢ તા. ૨૨

ગરવા ગિરનારની ગોદમાં ભાવિક ભકતો માટે ગુજરાત અનુ.જાતિ સમાજ વાડીની જગ્યામાં રહેવા તથા જમવા માટે નિઃશુલ્ક સાર્વજનિક અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવેલ છે. ગિરનારની પવિત્ર ભૂમિ ઉપર લીલી પરિક્રમાના મેળામાં લાખોની સંખ્યામાં આવતા યાત્રાળુઓ માટે ભવનાથ તળેટી સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાએ ગુજરાત અનુસુચિત જાતિ સમાજની વાડીની જગ્યામાં ભાવિક ભકતો તથા યાત્રાળુઓ માટે નિઃશુલ્ક સાર્વજનિક અન્નક્ષેત્ર અને રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું સિધ્ધાર્થ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ રણજીતભાઈ ગોહેલે એક યાદીમાં જણાવેલ છે.

# રાજકોટ ખાતે મહાદેવ ધામમાં આવતીકાલે તુલસી વિવાહની ભાવપૂર્ણ ઉજવણી



રાજકોટ, તા.૨૨

રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવન નગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ મહિલા સત્સંગ મંડળ, તુલશી વિવાહ સમારોહ સમિતિ ઉપક્રમે ગુરૂવાર તા. ૨૩મી નવેમ્બર સાંજે ૪ કલાકે મહાદેવધામના પટાંગણમાં તુલશી વિવાહનો ભવ્ય ધાર્મિક સમારોહ યોજવામાં આવ્યો છે. દેવાધિદેવનો પ્રસંગ હોય અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ ખાસ હાજરી આપશે.

સમારોહના મુખ્ય સંયોજક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટની સંયુકત યાદીમાં જણાવાયું છે કે આજ તા. ૨૨મી બુધવાર સાંજે પાંચ કલાકે ભગવાનના , લગ્ન પ્રસંગને અનુરૂપ સાંજીના ગીત, સત્સંગ, દિપમાલા, તોરણ બાંધવા, મંડપારોપણ અને આવતીકાલ તા. ૨૩મી ગુરૂવાર સાંજે ૪ કલાકે દેવાધિદેવનો, લગ્ન સમારોહ કાજલબેન જતીનભાઈ ગણાત્રા, નિરવભાઈ ગણાત્રા પરિવાર, કન્યા પક્ષે ભારતીબેન, નલિનભાઈ ગંગદેવ પરિવાર વિધિ-વિધાન, લગ્ન સમારોહમાં બેસવાના છે. મંદિરમાં બુધવાર-ગુરૂવારે રોશની, મહાઆરતી, દિપમાળા, તોરણ, સત્સંગ સહિત આયોજનો છે. મંદિરના સહવ્યવસ્થાપક વિનોદરાય ભટ્ટ, સુનિતાબેન વ્યાસે વિશેષ વ્યવસ્થા શ્રધ્ધાળુઓ માટે કરી છે. પ્રસાદ સાથે ભગવાનનું સામૈયું, પધરામણી, પહેરામણી, હસ્તમેળાપ, કંસાર, હાથઘરણું, નામાવલી તૈયાર કરવામાં આવી છે. રૈયા રોડ ઉપરનું પરિવારનું માનીતું મંદિર, માનવ મંદિર જાહેર થયું છે. આવતીકાલ તા. ૨૩મી ગુરૂવાર બપોરે ૩ કલાકે જીવનનગર શેરી નં. ૪, અનિલ જ્ઞાન મંદિરની પાછળ, રૈયા રોડ, રાજકોટ ખાતે હાજરી આપી ધાર્મિક વિધિમાં ભાગ લઈ શકશે. વિધિની સામગ્રી મંદિર તરફથી રાખવામાં આવે, છે. ભગવાન વિષ્ણુ-લક્ષ્મીજીની વિશેષ પૂજન, અર્ચન, પૂજા સહિત આયોજનો છે. ભવ્યાતિત સમારોહ છે.

તુલશી વિવાહ પ્રસંગમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ, પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય, મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, શ્રીમતિ નીલુબેન જાદવ, શાસક પક્ષના નેતા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકિયા, મહામંત્રી રત્નદીપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી, વોર્ડ નં. ૧૦ના નગરસેવકો જયોત્સનાબેન ટીલાળા, રાજશ્રીબેન ડોડીયા, નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, પૂર્વ નગર સેવકો પરેશભાઈ હુંબલ, અશ્વિનભાઈ ભોરણીયા, ભા.જ.પ.ના આગેવાનો હાજરી આપવાના છે. સમારોહને સફળ બનાવવા માટે વિજયભાઈ જોબનપુત્રા, વિનુભાઈ ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, પંકજભાઈ મહેતા, અલ્કાબેન પંડયા, જયોતિબેન પુજારા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડીયા, હર્ષાબેન પંડયા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં ફરી ભાજપનો ભગવો લહેરાયો

**તમામ ૧૬ બેઠકો ઉપર અંતિમ દિવસે સામે કોઈ ફોર્મ ન ભરાતા બિન હરીફ જાહેર કરાઈ : સતત પાંચ ટર્મથી માજી સાંસદ દિનુભાઈ સોલંકી જૂથ ભાજપનો દબદબો યથાવત**

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

કોડીનાર માર્કેટિંગયાર્ડ ની ખેડૂત વિભાગની ૧૦ બેઠકો, વેપારી વિભાગની ૪ બેઠક અને સહકારી ખરીદ વેચાણ વિભાગની ૨ બેઠક માટે તા.૫ સપ્ટેમ્બરેના રોજ જાહેર થયેલી ચૂટણીમાં તા.૧૭ નવેમ્બર સુધી માં ફોર્મ ભરવાના હતા.જેમાં ભાજપ સમર્થક અને માજી સાંસદ દિનુભાઈ સોલંકી, ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા, ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમારના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત માર્કેટ યાર્ડના વર્તમાન ચેરમેન સુભાષભાઈ ડોડીયાની અધ્યક્ષતામાં ૧૬ ફોર્મ ભર્યા હતા તેમજ ગઈકાલે ફોર્મ ખેચવાની છેલ્લી તારીખ સુધીમાં સામે કોઈપણ હરીફ ઉમેદવારોએ ફોર્મ ના ભરાતા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં ચૂંટણી અધિકારી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગીર સોમનાથ નીરમલસિંહ ગોહિલ દ્વારા ખેતી વિષયક વિભાગમાં (૧૦) સુભાષભાઈ વિરભણભાઈ ડોડીયા, ભીખાભાઈ મેરૂભાઈ વાઢેળ, બાલુભાઈ કાનાભાઈ કામળીયા, કાળાભાઈ નારણભાઈ બારડ, બાબુભાઈ સોમાભાઈ બારૈયા, જગમાલભાઈ વરસીંગભાઈ બારડ, શૈલેષભાઈ રાણાભાઈ વાઘેલા, યોગેન્દ્રસિંહ કનકસિંહ ઝાલા, વિજયસિંહ મેરામણભાઈ પરમાર,રાજુબેન દેવાભાઈ સોલંકી અને વેપારી વિભાગમાં (૪) મનુભાઈ જેઠાભાઈ મોરી, આદમભાઈ હાજી અલીમામદ હાલાઈ, ચંદ્રકાન્ત વૃંદાવનદાસ વિઠ્ઠલાણી, તુષારકુમાર જયેન્દ્રભાઈ સુચક અને સહકારી ખરીદ વેચાણ વિભાગ (૨) કનુભાઈ રામસીંગભાઈ પરમાર અને કનુભાઈ નારણભાઈ લાખણોત્રા ને બિનહરીફ જાહેર કરાયા હતા. આ તકે વર્તમાન ચેરમેન સુભાષભાઈ ડોડીયા એ જણાવ્યું હતું કે અમેં ડિરેક્ટરો અને યાર્ડ ના કર્મચારીઓ સાથે મળીને તાલુકાના ખેડૂતોને પોષણક્ષમભાવ, ખરો તોલ, ઝડપી સુવિધા તેમજ વેપારીઓને માળખાકીય સુવિધા પૂરી પાડવા અમો કટિબદ્ધ છે અને રહેશુ તેમ જણાવ્યું હતું. તમામ બિનહરીફ જીતેલા ડિરેક્ટરોને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, ધારાસભ્ય ડો. પ્રદ્યુમન વાજા, તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર યુનિયન બેંક ચેરમેન પી.એસ.ડોડીયા, ખરીદ વેચાણ સંઘ પ્રમુખ દિલીપભાઈ મોરી સહિત તાલુકાભરના તમામ અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# Crraft of Art ફરીવાર ત્રણ મંત્રમુગ્ધ કરી દે તેવું ફેસ્ટિવલ્સ લાવ્યું : આકર્ષક સંગીત અને મનમોહક હેરિટેજનું ફ્યુઝન

**આ ફેસ્ટિવલ અડાલજની વાવ ખાતે - શનિવાર, ૨૫ નવેમ્બર, ૨૦૨૩, ચાંપાનેર ખાતે, શનિવાર, ૯ ડિસેમ્બર, ૨૦૨૩ અને ધોળાવીરા ખાતે -શનિવાર, ૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ યોજાશે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ભરતનાટ્યમ અને લોક નૃત્યકાર બિરવા કુરેશી દ્વારા સ્થાપિત ક્રાફ્ટ ઓફ આર્ટ (Crraft of Art) થિમેટિક મ્યુઝિક અને ઈમેજ ટ્રાન્સફોર્મિંગ શેડો લાઈટ શોના ખાસ ફેસ્ટિવલ્સ મારફત તેના પરંપરા, ક્લાસિકલ સ્મારકો તથા ઐતિહાસિક સ્થળને સમાવતાં ભારતના યુનિક હેરિટેજ રજૂ કરવાના મિશનને આગળ વધારતાં વિશાળ જનમેદનીને સંબોધવા તૈયાર છે. જેના માટે આ સિઝનમાં ૩ આકર્ષક ફેસ્ટિવલ્સનું આયોજન કરશે. જેમાં પહેલો વોટર ફેસ્ટિવલ, અમદાવાદમાં અડાલજની વાવમાં, ૨૫ નવેમ્બરના રોજ યોજાવા જઈ રહ્યો છે. બીજા બે ફેસ્ટિવલ પાવાગઢની નજીકમાં આવેલ ચાંપાનેર ફેસ્ટિવલ (૯મી ડિસેમ્બર) અને કચ્છના રણમાં ધોળાવીરા ફેસ્ટિવલ (૬ જાન્યુઆરી) છે, જે એક નવી શૈલીનો પરિચય કરાવે છે - જે બહુવિધ આઈકોનિક હેરિટેજ સ્ટ્રક્ચર્સ સાથેના સ્થળોના ટાઉનસ્કેપને તેની રસપ્રદ કથાઓ સાથે રજૂ કરે છે. વોટર ફેસ્ટિવલ, ક્રાફ્ટ ઓફ આર્ટના વાર્ષિક કેલેન્ડરનું બહુપ્રતિક્ષિત અને જાણીતો કાર્યક્રમ છે, જે અદભૂત અડાલજની વાવ ખાતે મોહક પ્રદર્શન સાથે પ્રેક્ષકોને મોહિત કરવા માટે તૈયાર છે. આ ફેસ્ટિવલનો હેતુ ગુણવત્તાયુક્ત વિષયોનું સંગીતના અનોખા મિશ્રણ દ્વારા અને સ્મારકની કલા-કારીગરી, સૌંદર્ય અને વૈભવને પ્રદર્શિત કરી આ અદ્ભુત સ્મારકની ભવ્યતાને લોકો સમક્ષ ફરીથી રજૂ કરવાનો છે.

ક્રાફ્ટ ઓફ આર્ટના ફાઉન્ડર અને આર્ટિસ્ટિક ડિરેક્ટર બિરવા કુરેશીએ જણાવ્યું હતું કે, “સંગીત, લાઈટ, હેરિટેજ અને ઈતિહાસની આનંદદાયક ઉજવણી માટે અડાલજની વાવ ખાતે વોટર ફેસ્ટિવલ સાથે ફરી પાછા લોકો સુધી પહોંચવા માટે અમે ઉત્સુક છીએ. વોટર ફેસ્ટિવલ આ માનવીય, અદભૂત કલાત્મક અને સ્મારકમાં વણાયેલી પોતાની સુંદરતા, કારીગરી અને લોકકથાઓ લોકો સમક્ષ રજૂ કરશે. પ્રખ્યાત સંગીતકારો દ્વારા સમી સાંજે પડછાયો અને પ્રકાશના માધ્યમથી આત્માને સ્પર્શે તેવા સંગીત દ્વારા સ્મારકની ભવ્યતામાં વધારો કરશે. હંમેશની જેમ, સાંજનો સાર અને સુંદરતા પરફોર્મિંગ કલાકારો અને ઝળહળતા સ્મારક સાથે લયબદ્ધ સુમેળમાં હશે.

અડાલજની વાવ વોટર ફેસ્ટિવલમાં કલાકારોના પરફોર્મન્સમાં તબલા ઉસ્તાદ ફઝલ કુરેશી જોડાઈ રહ્યા છે, જેમણે છેલ્લા ૪૦ વર્ષોમાં સમગ્ર વિશ્વના પ્રેક્ષકોને મોહિત કર્યા છે; યુગના સૌથી કુશળ ડ્રમર્સમાંના એક રણજિત બારોટ, એવોર્ડ વિજેતા મેન્ડોલિન પ્લેયર યુ રાજેશ; અને દેશના અગ્રણી કાંજીરા વાદકમાંના એક વી સેલવા ગણેશ જોડાશે. વોટર ફેસ્ટિવલમાં જાણીતા ગિટાર વાદક અને સંગીતકાર સંજય દિવેચા બાસ પ્લેયર શેલ્ડન ડીસિલ્વા અને બહુમુખી ગાયક તથા કલાકાર પૃથ્વી ગંધર્વ પણ પરફોર્મ કરશે.

સાંજની બીજી વિશેષતા પ્રતિભાશાળી અભિનેતા પ્રતિક ગાંધી દ્વારા હોસ્ટિંગ છે, નાથુલાલ સોલંકી અને તેમના પુષ્કરના નગારા પ્લેયર્સના ગ્રૂપ દ્વારા એક ખાસ પર્ફોર્મન્સ આપવામાં આવશે. વોટર ફેસ્ટિવલમાં પ્રવેશ ફક્ત પ્રથમ આવો, પ્રથમ સેવાના ધોરણે આમંત્રણ/નોંધણી દ્વારા છે. સંગીત પ્રેમીઓ **bookmyshow.com** ઉપર વોટર ફેસ્ટિવલ માટે ફ્રી માં નોંધણી કરાવી શકે છે. વોટર ફેસ્ટિવલ ગુજરાત ટુરીઝમ દ્વારા પ્રાયોજિત છે.

# બેંકે વેકેર સિનિયર સિટીઝન એફડી સ્કીમની સમયમર્યાદા લંબાવી

નવી દિલ્હી, તા.૨૨

દેશની સૌથી મોટી સરકારી બેંક SBIએ કરોડો ગ્રાહકોને મોટી ભેટ આપી છે. બેંકે વેકેર સિનિયર સિટીઝન એફડી સ્કીમની સમયમર્યાદા લંબાવી છે. હવે ગ્રાહકોને આ યોજનાનો લાભ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી મળતો રહેશે. બેંક તરફથી, ગ્રાહકોને આ સ્કીમમાં સામાન્ય FDની સરખામણીમાં વધુ વ્યાજનો લાભ મળશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વરિષ્ઠ નાગરિકો માટે સ્પેશિયલ એફડી સ્કીમને અગાઉ ઘણી વખત લંબાવી હતી. SBI WeCare સિનિયર સિટીઝન FD સ્કીમ મે ૨૦૨૦ માં શરૂ કરવામાં આવી હતી અને તે સમયે તેની છેલ્લી તારીખ સપ્ટેમ્બર ૨૦૨૦ હતી, જે ત્યારથી ઘણી વખત લંબાવવામાં આવી છે. SBIએ સ્પેશિયલ FD સ્કીમ શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોને તેમની ફિક્સ ડિપોઝિટ પર વધુ વ્યાજ આપવાનો હતો. વરિષ્ઠ નાગરિકોને આ યોજના પર ૩૦ bps વ્યાજનો લાભ મળે છે (વર્તમાન ૫૦ bps પ્રીમિયમ કરતાં વધુ). ફિક્સ્ડ ડિપોઝિટ માટે, વ્યાજ માસિક/ત્રિમાસિક અંતરાલ પર ચૂકવવામાં આવે છે. નોંધનીય છે કે SBIએ વેકેર FD સ્કીમની સમયમર્યાદા અગાઉ પણ ઘણી વખત લંબાવી છે. આવી સ્થિતિમાં, આશા છે કે બેંક ફરી એકવાર તેને આગળ વધારી શકે છે. જ્યારે બેંકની સામાન્ય FD યોજનામાં વરિષ્ઠ નાગરિકોને ૭ દિવસથી ૫ વર્ષની FD પર ૩.૫૦ ટકાથી ૭.૦૦ ટકા સુધીના વ્યાજ દરનો લાભ મળી રહ્યો છે. બેંકની અમૃત કલશ યોજના હેઠળ ગ્રાહકોને ૪૦૦ દિવસની FD પર ૭.૬૦ ટકા વ્યાજ દરનો લાભ મળી રહ્યો છે. WeCare યોજના બેંક દ્વારા કોરોના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી હતી જેથી વરિષ્ઠ નાગરિકોને સુરક્ષિત રોકાણનો વિકલ્પ મળી શકે. SBI WeCare સ્કીમ વિશે બીજી સારી બાબત એ છે કે બેંક તેના ગ્રાહકોને લોનની સુવિધા પણ પૂરી પાડે છે.

# પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ તથા જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૨

પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પના દાતા ડો.વજુભાઈ પરમાર તથા ગૌરવ ભાઈ મહેતા તથા શ્રી પાધેશ્વરી આશ્રમ મટાણા ના ઉપવાસી સંત કરસનદાસ બાપુ તથા ડો.વિવેક સાહેબ તથા ડો. ભગીરથ સિંહ રાઠોડ તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્‌બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ તકે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ગાયત્રી મહામંત્ર તથા પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક

જાપ કરવામાં આવેલ તથા ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હ્રદય ગંમ કરવા આહવાન કરેલ હતું આ કેમ્પ ના ડો.વિવેક સાહેબ એ કુલ ૧૫૫ દર્દીઓ ને તપાસી જેમાં થી ૫૨ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા હાર્ડવૈદ રવિરાજ બેરડીયા તાલાળા તથા મિલનભાઈ ચોવટીયા પ્રાચી પગ સાંધા ના દુખાવાના ૨૦ દર્દીને તપાસી સારવાર આપી હતી તથા ડો.ભગીરથ સિંહ રાઠોડે ૫૦ દર્દીઓને તપાસી અને વિના મૂલ્યે દવા આપી હતી તથા આ તકે દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં હતી આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન) તથા નાથાભાઈ સોલંકી (થરેલી) તથા નારણભાઈ વાળા (પાધરૂકા) તથા નરસિંહભાઈ વાઢેર છગિયા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા વજુભાઈ ગોહિલ છગીયા તથા રાહુલભાઈ રાઠોડ બોસન તથા ભલુભાઈ વાળા બોસન તથા જુસબભાઈ વડાળા તથા વાલાભાઈ કંટાળા તથા દિવાળીબેન પ્રાચી તથા સોનીબેન ગોરખમઢી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાંચી તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

(તસવીર : જાદવ ચુડાસમા)

# સુત્રાપાડા ખાતે કોળી સમાજ દ્વારા ૧૫મો સરસ્વતી સન્માન સમારોહ સંપન્ન

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૨

શ્રી સુત્રાપાડા તાલુકા કોળી સમાજ આયોજિત ૧૫ મો સરસ્વતી સન્માન સમારોહ કોળી સમાજ વાડી પે.સે.શાળા નં-૨ બાજુમાં રાખવામાં આવ્યો હતો દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું સત્રાપાડા તાલુકા કોળી સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવા અને તેજ રુચિ ક્ષેત્રે નિર્માણ કરવા માટે તેમના પ્રોત્સાહનના ભાગરૂપે સુત્રાપાડા તાલુકા કોળી સમાજ દ્વારા ૨૦૨૩ માં ધોરણ ૧૦ થી લઈ અનુસ્નાતક સુધીમાં ૭૫ કે તેથી વધુ ટકા ધરાવતા વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર થી સન્માનિત કરવામા આવ્યા હતા તથા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં સરકારી નોકરીમાં લાગેલા સમાજ બંધુઓને સાલ ઓઢાડી તથા સ્મૃતિચિન્હ રુપી ભેટ આપી સન્માનિત કરાયા હતા કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં જૂનાગઢ ગીર સોમનાથના સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, સોમનાથ મત વિસ્તારનાં યુવા ધારાસભ્ય શ્રી વિમલભાઈ ચુડાસમા,માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા,પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ,પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ વાજા તેમજ ગીર સોમનાથ જીલ્લા ડેપ્યુટી કલેકટર પલ્લવીબેન બારૈયા તેમજ મામલતદાર શ્રી સુત્રાપાડા પી.બી કરગટીયા સાહેબ,તેમજ આર.એફ.ઓ. રસીલાબેન વાઢેર,કોળી સેના સુત્રાપાડા ગ્રામ્યના પ્રમુખ દેવેન્દ્રભાઈ સોલંકી,બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન ધીરુભાઈ સોલંકીજિલ્લા રમત ગમત અધિકારી કાનજીભાઈ ભાલીયા, પ્રાચી કોળી સમાજના પ્રમુખ શ્રી મેરામણભાઈ વાજા સુત્રાપાડા નગરપાલિકાના કોળી સમાજના તમામ સદસ્યશ્રીઓ, માંધાતા ગ્રુપના પ્રમુખ રામભાઈ ચૌહાણ,સુત્રાપાડા કોળી સેના શહેરના પ્રમુખ સતિષભાઈ વાજા,દરેક ગામના સરપંચ તથા કોળી સમાજના અગ્રણીઓ, પદાધિકારીશ્રીઓ, કોળી સમાજના વ્હાલા યુવાનો મિત્રો, વડીલો, વ્હલા વિદ્યાર્થીઓ, માતાઓ બહેનોએ આ સમારોહમાં બોહળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં આ સમારોહમાં ૧૯૫ વિદ્યાર્થીઓ તથા નવનિયુક્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ કામળિયા નિલેશભાઈ કામળિયા, કાળુભાઈ બામણીયા ભીખુભાઈ ચુડાસમા તથા રમેશભાઈ ખુંટડ, સંજયભાઈ ગોહિલ અને રાજેશભાઈ વંશ એ કર્યુ હતું.



(તસવીર : જાદવ ચુડાસમા)

# લોઢવા ખાતે અખિલ ભારતીય આહીરાણી મહારાસ અંતિમ પડાવ ડેમો રાસ યોજાયો

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૨

ભગવાન દ્વારકાધીશના સાનિધ્યમાં ૨૩ અને ૨૪ ડિસેમ્બર માં થવા જઈ રહેલ અખિલ ભારતીય આહીરાણી મહારાસ નો આજ રોજ લોઢવા ખાતે અંતિમ પડાવ એક ડેમો રાસ રાખવામાં આવ્યો હતો જેમાં ગીર સોમનાથ જિલ્લા ના તમામ આહીર સમાજ ની બહેનો તેમજ ગુજરાત ના જિલ્લા માંથી આહીર સમાજ ની બહેનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં સૌ પ્રથમ રાસના મેદાનમાં ભગવાન શ્રી ક્રિષ્નાની જય સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મહારાસમાં આવેલ સિંગર



મીરાબેન આહીર, અર્જુનભાઈ આહીર, ગીતાબેન આહીર, ગોપાલભાઈ આહીર, દેવશીભાઈ આહીર તેમજ જગાઆપાનું પુષ્પગુચ્છથી તેમજ લોઢવા ગામના લેખક રામભાઈ વાઢેર દ્વારા લખેલુ ઓવારણાં નામનું પુસ્તક ભેટ આપી તમામનું સન્માન કરવામાં આવ્યું હતું બાદમાં દ્વારકા ખાતે થવા જઈ રહેલા મહારાસના નિયમો જેવા કે સૌપ્રથમ બહેનો દ્વારા ઉપવાસ, જાગરણ, મૌન વ્રત, વ્યસન મુક્ત જેવા અનેક નિયમ વિશે માહિતી પણ આપવામાં આવી હતી તેમજ ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ કરી રહેલા બહેનો દ્વારા તમામ બહેનોનો આભાર વ્યક્ત પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં આહીર સમાજના નામી આગેવાનો, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ , ગુજરાત કોંગ્રેસ ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા , જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રામભાઈ વાઢેર, સરપંચ હીરાભાઈ વાઢેર,માજી સરપંચ ગોવિંદભાઈ ભોળાઁ, રામ સાહેબ, સુત્રાપાડા આહીર યુવક મંડળના સભ્યો, જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમૂખ અને પ્રોફેસર જીવાભાઈ વાળા,સમૂહ લગ્ન સમિતિના સભ્યો,તેમજ આહીર સમાજના અગ્રણીઓ ગામ લોકો તેમજ આસપાસના તમામ ગામોમાંથી આહીર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં યુવા ભાજપની ખાસ બેઠકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના હોદ્દેદારો જોડાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

ગાંધીનગર ખાતે તાજેતરમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચાની પ્રદેશ કારોબારી અને મંડળ સશક્તિકરણની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા મોરચા દ્વારા આગામી ચૂંટણીલક્ષી કાર્યક્રમોની મહત્વની બેઠક ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી , રાજ્યના મંત્રી જગદીશભાઈ વિશ્ર્વકર્મા, પ્રદેશ સંગઠનના મહામંત્રી રત્નાકર, વિનોદભાઈ ચાવડા, રજનીભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. પ્રશાંતભાઈ કોરાટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. પ્રશાંતભાઈ કોરાટ દ્વારા તાજેતરમાં નૂતન વર્ષ નિમિતે સ્નેહમિલન કાર્યક્રમ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો હતો. આ મહત્વની બેઠકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા યુવા મોરચાના પ્રમુખ વનરાજસિંહ વાઢેર, મહામંત્રી આનંદભાઈ હરખાણી, દિનેશભાઈ બેલા, રવિભાઈ પરમાર, રાહુલ શર્મા, દિલીપભાઈ ગઢવી સહિત જિલ્લા યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# CNG જેવા સ્વચ્છ ઈંધણના ઉપયોગને રાજ્યમાં વધુ પ્રોત્સાહન આપવા ફુલ ડીલર ઓન્ડ ડીલર ઓપરેટેડ યોજનાને મંજૂરી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગ્રીન-કલીન એન્વાયરમેન્ટ અને ગ્રીન મોબિલિટીને વધુ વ્યાપક બનાવવા પીપીપી મોડલથી સીએનજી સ્ટેશન વિકસાવવાનો નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યમાં ફુલ ડીલર ઓન્ડ ડીલર ઓપરેટેડ- FDODO CNG સ્કીમને મંજૂરી આપી છે.આ યોજનાનો અમલ ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા કરવામાં આવશે. એટલું જ નહીં, યોજના માટે પારદર્શક સિલેક્શન પ્રોસેસના આધારે પસંદગી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં તાજેતરમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના દિશાદર્શનમાં ગ્રીન ગ્રોથ અન્વયે ગેસ આધારિત ઈકોનોમીને વેગ આપવાની વિવિધ પહેલ રાજ્ય સરકારે કરી છે. દેશમાં એકમાત્ર ગુજરાતમાં જ સમગ્ર રાજ્યમાં ગેસ ગ્રીડ નેટવર્ક ફેલાયેલું છે તથા બહુધા જિલ્લાઓ આ ગેસ નેટવર્કથી

જોડાયેલા છે.

આ ઉપરાંત ગુજરાત ૧૦૦૨ જેટલા CNG સ્ટેશન સાથે દેશમાં અગ્રેસર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં CNG સ્ટેશન્સનો વ્યાપ વધારવા અને CNG વાહન ધારકોને સરળતાએ CNG બળતણ ઉપલબ્ધ થાય તેવા આશાયે આ ફુલ ડીલર ઓન્ડ ઓપરેટેડ સ્કીમ PPP મોડેલ પર રાજ્યમાં શરૂ કરવાની અનુમતિ આપી છે.

આ યોજના અન્વયે CNG સ્ટેશન ઊભું કરવા માટે જમીનને લગતી મંજૂરી લેવાની તથા દસ્તાવેજ કરાવવાની સંપૂર્ણ જવાબદારી ડીલરની રહેશે. CNG સ્ટેશનમાં ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડના સ્પેસિફિકેશન અનુસાર સ્ટેશન સેટઅપ, બાંધકામ થતા મિકેનિકલ કે ઈલેક્ટ્રિકલ કામ પણ ડીલરે જ કરાવવાનું રહેશે. એટલું જ નહીં, CNG ઈક્વિપમેન્ટ માટે જરૂરી કોમ્પ્રેસર, કાસકેડ, CNG ડિસ્પેન્સર, ટ્યુબિંગ્સ, વગેરે ખરીદીને તેને ફીટ કરવાનું તેમજ ચાલુ કરવાનું પણ ડીલરના શિરે રહેશે.

ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ અંદાજે ૩૦૫૦ કિલોમીટરના સ્ટીલ નેટવર્કથી ડીલરના ઓનલાઈન સ્ટેશને ગેસ પહોંચાડશે.

જ્યાં આવો ઓનલાઇન ગેસ પહોંચી શકે નહીં તેવા ડોટર બુસ્ટર CNG સ્ટેશનને ડીલરના લાઈટ, મીડીયમ અને હેવી કોમર્શિયલ વ્હીકલને અંડર ગ્રાઉન્ડ પાઈપલાઈન કે બુસ્ટર કોમ્પ્રેસર વિના CNG પૂરો પાડવામાં આવશે.

# ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા-૨૦૨૩’ અંતર્ગત ગુજરાતના આઠ જિલ્લાઓની ૨૫૩ ગ્રામ પંચાયતોમાં ૭૭ હજારથી વધુ નાગરિકો સહભાગી થયા

ગાંધીનગર તા.૨૨

‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા-૨૦૨૩’ને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. ગઈકાલે તા. ૨૧ નવેમ્બરના રોજ ગુજરાતમાં બનાસકાંઠાના ૧૪ ગામ, ભરૂચના ૧૩, છોટાઉદેપુરના ૩૦, ડાંગના ૨૮, દાહોદના ૭૦, નર્મદાના ૨૮, સુરતના ૪૨ અને વલસાડ જિલ્લાના ૨૮ એમ આઠ જિલ્લાઓની ૨૫૩ ગ્રામ પંચાયતોમાં અંદાજે ૭૭,૮૮૬ ભાઈઓ અને બહેનો વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉત્સાહભેર સહભાગી થયા હતા.


આ યાત્રા દરમ્યાન વિવિધ ગામોમાં આયોજિત આરોગ્ય કેમ્પમાં કુલ ૩૩,૫૪૩ નાગરિકોએ આરોગ્ય તપાસ કરાવી હતી. ઉપરાંત ૨૦,૭૩૩ વ્યક્તિઓની ટી.બી.રોગની તપાસ તેમજ ૧૦,૭૦૭ની સિકલ સેલની તપાસ કરાઈ હતી. મારૂ ભારત અંતર્ગત કુલ ૧૫૦૦ સ્વયંસેવક નોંધાયા હતા. જ્યારે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ ૧,૬૮૨ નામ નોંધવામાં આવ્યા છે. ૫૬૩ મહિલાઓને, ૧૩૩૦ વિદ્યાર્થીઓને, ૭૭ રમતવીરોને તેમજ ૪૬ સ્થાનિક કલાકારીગરોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ‘મેરી કહાની મેરી જૂબાની’ અંતર્ગત ૧,૪૩૯ લાભાર્થીઓ નોંધાયા છે. ૧૮૯ ગામોમાં ડ્રોન નિદર્શન તેમજ ખાસ આરોગ્ય ઝૂંબેશ અંતર્ગત ૧,૦૧૧ નિદર્શન કરાયા હતા. રાજ્યમાં જૈવિક ખેતી કરતા ૧,૪૭૬ જેટલા ખેડૂતો સાથે વાર્તાલાપ પણ યોજાયો હતો. ૧૩૯ ગ્રામ પંચાયતો ૧૦૦ ટકા આયુષ્યમાન કાર્ડ ધરાવે છે. ૧૮૩ ગ્રામ પંચાયતોને ૧૦૦ ટકા જલ જીવન મિશન અંતર્ગત જ્યારે ૧૫૪ ગ્રામ પંચાયતોને ૧૦૦ ટકા પી.એમ.જનધન યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. વધુમાં ૧૭૮ ગ્રામ પંચાયતોને ૧૦૦ ટકા પી.એમ.કિસાન યોજના અંતર્ગત સાંકળી લેવામાં આવી છે.

આ આઠ જિલ્લામાં ૨૩૩ ગ્રામ પંચાયતો ઓ.ડી.એફ. પ્લસ જાહેર કરવામાં આવી છે. જ્યારે ૨૩૧ ગ્રામ પંચાયતોનો ૧૦૦ ટકા જમીન રેકર્ડ ડિજિટાઈઝેશન કરવામાં આવ્યો છે તેમ, ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સ્ટેટ નોડલ ઓફિસર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# જગતમંદિરમાં કાલે ઠાકોરજીના તુલસીજી સાથે વિવાહ યોજાશે

## મોટી સંખ્યામાં ભાવિકો લગ્નોત્સવને માણવા ઉમટશે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૨

યાત્રાધામ દ્વારકાના જગતમંદિરમાં આવતીકાલ ગુરૂવાર કારતક સુદ એકાદશીના શુભ દિને ઠાકોરજી તથા તુલસીજીના પરંપરાગત રીતે ધામધૂમપૂર્વક લગ્ન યોજાશે. દર વર્ષે આ દિવસ દેવઉઠી એકાદશી અથવા તો દેવપ્રબોધિની એકાદશી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને અષાઢ સુદ અગિયારસથી સતત ચાર માસ સુધી યોગનિદ્રામાં શયન કરી રહેલાં ભગવાનને જગાડવામાં આવે છે. આથી જ આ દિવસને દેવઉઠી અગિયારસ પણ કહેવાય છે. દેવશયનીથી બંધ થયેલ શુભ-માંગલિક કાર્યો દેવઉઠી એકાદશીથી પુનઃ શરૂ થઈ જાય છે. શ્રીજી ભગવાનના તુલસીમાતા સાથેના વિવાહના કારતક સુદ અગિયારસના યોજવામાં આવે છે. કારતક સુદ નૌમથી તુલસીવાસનું વ્રત કરનાર બારસના દિવસે પારણા કરે છે. આ દિવસે ભગવાન વિષ્ણુના દરેક સ્વરૂપની ષોડશોપચાર પૂજા કરી શંખ, ઘંટ અને મૃદંગના નાદ સાથે મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરાય છે. તુલસીમાતાને સૌભાગ્યવતીનો શણગાર કરી શાલીગ્રામની સાત પ્રદક્ષિણા કરવામાં આવે છે.

**સાંજે ગોપાલજીનો વરઘોડો, રાત્રે મંદિર પરિસરમાં તુલસી વિવાહ**

દ્વારકાધીશ મંદિર પરિસરમાં શારદાપીઠ સંચાલિત રાણીવાસના મંદિરના પૂજારી જણાવ્યા અનુસાર સાંજે ૬ વાગ્યે મંદિર પરિસરમાંના રાણીવાસમાં ગોપાલજી સ્વરૂપનો ભવ્ય વરઘોડો વાંજતે ગાજતે નીકળશે. જે શહેરના રાજમાર્ગો પર ફરી પુનઃ રાણીવાસ માં પધારશે. રાત્રિના રાણીવાસ પરિસરમાં શ્રીજીના તુલસીજી સાથે ભવ્ય લગ્નોત્સવ યોજાશે. જગત મંદિના પૂજારીના જણાવ્યાનુસાર સાંજે ગૌધુલિક સમયે નિજ મંદિરમાં ઠાકોરજીના બાલ્ય સ્વરૂપનું શાસ્ત્રોક વિધિ અને મંત્રોચ્ચાર સાથે તુલસીજી સાથે લગ્ન ઉત્સવ યોજાશે.

# લોઢવામાં હાર્ટ એટેકથી ૫૮ વર્ષના આધેડનું મોત

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૨

સુત્રાપાડા ના લોઢવા ગામના વતની અને ખેડૂત દાનાભાઈ ભાણાભાઈ સોલંકી ઉંમર વર્ષ ૫૮ નો સોમવારે વહેલી સવારે અચાનક જ છાતીના ભાગમાં દુખાવો થતાં તાત્કાલિક સુત્રાપાડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા વર્ષોથી ખેતી સાથે સંકળાયેલા પોતાની જાત મહેનત



કરી જિંદગી ગુજરતા ખેડૂત પરિવાર ના મોભી નુ અચાનક જ હાર્ટ એટેક થી મોત થતા પરિવાર અને સમગ્ર ગામમાં દુઃખની લાગણી પ્રસરી હતી

# ઉના : ગાયત્રી માતાજીના મંદિરે અન્નકુટ યોજાશે

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૨

ઉના શહેરમાં વેરાવળ રોડ પાસે આવેલ શિક્ષક સોસાયટી પાસે આવેલ વેદ માતા ગાયત્રી માતાજીના મંદિરે શ્રી ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી ગરબી મંડળ દ્વારા દેવ દિવાળી નિમિત્તે નવા વરસ નો અન્નકુટ તા.૨૩/૧૧/૨૦૨૩ને ગુરુવારે યોજાશે સવારે શણગાર આરતી બાદ ૭-૦૦ કલાકે વિવિધ વાનગીઓ અને ફરસાણઓ નો અન્નકુટ નો છપનન ભોગ ધરવામાં આવશે જે સવારે ૭થી સાંજે ૭સુધી દર્શન માટે રાખવામાં આવશે સાંજે આરતી બાદ બટુક ભોજન યોજાશે જેમાં બટુકો ને ભોજન કરાવશે .

# માંડવીયા જોષી પરિવારના કુળદેવીનાં સાંનિધ્યમાં નવચંડી યજ્ઞ સંપન્ન



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૨

આજકગીરીનારાયણ માંડવીયા જોષી પરિવાર દ્વારા મુળ વતન વેકરી મુકામે કુળદેવી શ્રી કાત્યાયીની માતાના સાનીધ્યમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું

આ પ્રસંગે સંપુર્ણ કાર્યક્રમમાં દાતા મીલનભાઈ જોષી(પ્રભાસ પાટણ)મુળ પ્રશ્નાવડવાળા રહેલ હતા. આ પ્રસંગ સૌપ્રથમ યોજાયેલ હતો અને માંડવીયા જોષી પરીવારના ગોઠીઓ મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, કેશોદ, પ્રશ્નાવડા, વડનગર જેવા અલગ અલગ સ્થળોએથી હાજર રહી બે દિવસના કાર્યક્રમમાં હાજરી આપી અને નવચંડી યજ્ઞનો લાભ લીધેલ હતો. આ તકે વેકરી ગામ તરફથી પણ ખુબ સુંદર સાથ સહકાર મળેલ હતો.

# મટાણા ગામે ડુંગળીના રોપાનું વિતરણ

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૨

સુત્રાપાડા તાલુકાના મટાણા ગામે આવેલ શ્રી પાધેશ્વરી આશ્રમ ના ઉપવાસી મહંત કરસનદાસ બાપુ દ્વારા રોપાનું વિતરણ કરવાનુ ચાલુ કરવામાં આવ્યું છે આ ડુંગળીના રોપ નો ભાવ એક હાથના ૪૦ રૂપિયા રાખવામાં આવેલ છે આ ડુંગળીના રોપના રૂપિયા જે કંઈ થાય તે પૂજ્ય દલપતરામ બાપા તથા બાપુની જગ્યાના લાભાર્થે



વાપરવામાં આવશે તો સૌ કોઈને ડુંગળીનો રોપ જોતો હોય તો સોળાજ રોડ ગૌ શાળા ની બાજુ માં ભરતભાઈ ની વાડી મો. ૯૨૭૫૨૪૭૫૧૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

(તસવીર : જાદવ ચુડાસમા)

# ગરવા ગિરનારની લીલી પરિક્રમામાં આવનારા ભાવિકોની સલામતી માટે જડબેસલાક બંદોબસ્ત






## જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ૬ ઝોનમાં પોલીસ બંદોબસ્ત, ૧૩૬ અધિકારીઓ તૈનાત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમાનો આવતીકાલથી શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે આ વર્ષે ૧૫ લાખથી વધારે ભાવિકો ઉમટી પડનાર છે. પરિક્રમાનો આ મેળો શાંતિપુર્ણ રીતે સંપન્ન થાય તેમજ કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ બને નહી અને યાત્રાળુઓની, ભાવિકોની સલામતી અને સુરક્ષા માટે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત અને જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એસઆરપીએફ જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે અને ૨૮૫ કેમેરા દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે તેમ જાણવા મળે છે. જૂનાગઢમાં આવતીકાલ ગુરૂવારથી શરૂ થનાર ગિરનાર લીલી પરિક્રમાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે પરિક્રમા સબબ ૬ ઝોનમાં પોલીસ વિભાગ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગઈકાલે મંગળવારે પોલીસ હેડ ક્વાટર જૂનાગઢ ખાતે ગિરનાર લીલી પરિક્રમા સબબ પોલીસ બંદોબસ્તની વહેચણી કરવામાં આવી હતી. આ તકે પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ દ્વારા બંદોબસ્ત સંબંધી જરૂરી સુચનો કર્યા હતા. તેમજ પરિક્રમા દરમ્યાન શું-શું પગલા લેવા તેમજ કઈ બાબતો ધ્યાને રાખવી તેની માહીતી પણ આપી હતી. સમગ્ર પરિક્રમા બંદોબસ્ત ૬ ઝોનમાં વહેંચવામાં આવેલ છે. ગિરનાર લીલી પરિક્રમા બંદોબસ્તમાં ડીવાયએસપી-૦૮, પીઆઈ-૧૮, પીએસઆઈ-૧૧૦ સહિત કુલ ૧૩૬ અધિકારીઓ તથા પોલીસ કર્મચારી-૧૭૨૬ તથા હોમગાર્ડ સભ્ય-૪૩૫, જીઆરડી સભ્ય - ૬૮૦ સહિત કુલ ૨૮૪૧ કર્મચારી તથા ૨ એસઆરપીએફની કંપનીનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવેલ છે. આ સાથે ગુનાઓ બનતા અટકાવવા ૧૨ ટીમ સર્વેલન્સ માટે રાઉન્ડ ધ કલોક તમામ ઝોનમાં ૭૨ કર્મચારી સાથે ફરજ બજાવશે. ઉપરાંત મહિલાઓની સુરક્ષા માટે સી ટીમની ૧૦ ટીમ સતત કાર્યરત રહેશે. આ ઉપરાંત નેત્રમ શાખા દ્વારા ભવનાથ રૂટ ઉપર તથા સિટીમાં મળી કુલ ૨૮૫ કેમેરા દ્વારા સતત મોનીટરીંગ રાખવામાં આવશે. આ બંદોબસ્તમાં જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં બોડીવોર્ન કેમેરા-૧૨૫, રસા-૨૦, હાથબતી-૬૫, અગ્નિશામક-૪૯, વોકીટોકી-૨૧૦, નાઈટ વિઝન બાયનોકયુલર-૯, મેગા ફોન-૩૬, વાયરલેસ સેટ-૫૫, રાવટી-૪૫ સહિતની સાધન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આવતીકાલે ભકિતભાવ સાથે શુભારંભ થશે

## પરિક્રમા શરૂ થાય તે પહેલા જ ૫૦ હજારથી વધુ પરિક્રમાર્થીનો ભવનાથમાં પડાવ : ભાવિકોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમા વિધિવત રીતે આવતીકાલ તા.૨૩ને ગુરૂવાર દેવ દિવાળી પર્વથી શરૂ થવાની છે અને પરિક્રમાને લઈને દુર-દુરથી ભાવિકોનો મોટો પ્રવાહ સેવાનું પુનિત ભાથું બાંધવા માટે ભવનાથ વિસ્તારમાં માનવ મહેરામણ ઉમટી પડયો છે તો બીજી તરફ ધાર્મિક સ્થળો, સેવાકીય સંસ્થાઓ, સેવાકીય મંડળો, ઉતારા મંડળ વિગેરે દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે તેમજ તેઓને પ્રસાદ-ભોજન માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને ભવનાથ વિસ્તારમાં અન્નક્ષેત્રો કાર્યરત બન્યા છે. દર વર્ષે ગિરનારની લીલી પરિક્રમામાં આવનારા ભાવિકોની સુખસુવિધાઓ જળવાઈ તે માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેમજ સમુહ પ્રસાદ-ભોજન માટે અન્નક્ષેત્રો પણ શરૂ કરવામાં આવતા હોય છે. આ વર્ષે પણ સેવાભાવીઓ દ્વારા અન્નક્ષેત્રો શરૂ કરી અને સેવાનું પુનિત ભાથું બાંધવા માટે તૈયારીઓ હાથ ધરી છે. પરિક્રમાના આ મેળા દરમ્યાન રાત્રીના દુર-દુરથી આવેલા ભાવિકો પડાવ નાખતા હોય છે અને જંગલમાં મંગલ જેવું વાતાવરણ યોજાતું હોય છે.

(અનુ. પાના ૨ ઉપર)

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
“સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે”
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

GUJARAT 2024
ASSOCHAM
CII
FICCI



ટેક્સટાઇલ અને એપેરલ સેક્ટર
પર પ્રિ-વાઇબ્રન્ટ સેમિનાર
ફ્યુચર રેડી 5F
વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્ષટાઇલ વિઝન



પ્રેરક ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી પિયુષ ગોયલ
શ્રીમતી દર્શનાબેન જરદોશ
શ્રી સી. આર. પાટીલ
શ્રી બળવંતસિંહ રાજપૂત
શ્રી હર્ષભાઈ સંઘવી
શ્રી જગદીશભાઈ પંચાલ (વિશ્વકર્મા)



તારીખ : 23 નવેમ્બર, 2023
સમય : સવારે 09:30 વાગ્યાથી
સ્થળ: સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન અને કન્વેન્શન સેન્ટર, સુરત, ગુજરાત.